# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 8 * મે 2024 * કિં. ₹ 15



આંતરરાષ્ટ્રીય સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિરલ સંશોધક
ડૉ. તેજસ પટેલ



ડૉ. જે. એમ. વ્યાસને શિક્ષણવિદ ડૉ. દાઉદભાઈ ઘાંચી જ્ઞાન-પ્રતિભા ઍવૉર્ડ અર્પણ કરતા સર્વ શ્રી અનિલભાઈ રાવલ, પ્રકાશભાઈ ભગવતી, કુમારપાળ દેસાઈ, દાઉદભાઈ ઘાંચી, હર્ષદ પટેલ, પ્રવીણ લહેરી, નીતિનભાઈ શુક્લ




'વીતેલાં વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ ?' વિશે શ્રી લીલાધર ગડાનું પ્રવીણ વિસારિયા સ્મારક વ્યાખ્યાનમાં વક્તવ્ય તથા અતિથિવિશેષ ડૉ. આર. પાર્થસારથિ, મુખ્ય મહેમાન શ્રી અમરજિત સિંઘ અને શ્રી અમૃત ગંગર

**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ભારત-તુર્કીના વિલક્ષણ રાજકીય સંબંધો

મધ્યપૂર્વમાં એશિયા ખંડની ઉત્તર પશ્ચિમે ૭.૮૩ લાખ ચો. કિમી. અને ૮.૫ કરોડ વસ્તી ધરાવતો તુર્કી દેશ એ એશિયા અને યુરોપ ખંડ વચ્ચેનો આગવો સેતુ પણ છે. ઈતિહાસમાં તેનું આગવું મહત્ત્વ એ છે કે ૧૫મી સદીથી એ ઑટોમન સામ્રાજ્યનું કેન્દ્ર હતું. આ સામ્રાજ્યના વડા ખલીફાના નામે જાણીતા હતા. સમગ્ર મુસ્લિમો માટે ખલીફા ધાર્મિક વડા પણ હતા. ૧૮મી સદીથી ઑટોમન સામ્રાજ્ય નબળું પડવા લાગ્યું હતું. મધ્યયુગમાં ભારત પર જે મુસ્લિમ આક્રમણો થયાં હતાં તેમાં મુહમ્મદ ઘોરી, કુતબુદ્દીન, બાબર, અલ્લાઉદ્દીન ખિલજી સહિત અનેક આક્રમણ કરનારાઓનાં મૂળ તુર્કીમાં હતાં. તત્ત્વચિંતક રૂમીના સૂફીવાદની અસર ભારતમાં વ્યાપક હતી. ૧૯૧૯થી ૧૯૨૨ વચ્ચે તુર્કીમાં કમાલ આતા તુર્ક દ્વારા આધુનિકીકરણની ઝુંબેશ હેઠળ ખૂબ મહત્ત્વના પાયાનાં પરિવર્તનો કરવામાં આવ્યાં. અપાર લોકચાહના ધરાવતા કમાલ આતા તુર્કે ખિલાફત(જેને અંગ્રેજોએ પદભ્રષ્ટ કરી હતી)નો અંત આણ્યો. પુરુષ-મહિલાની સમાનતા, સ્વતંત્રતા અને સામાજિક સુધારણાના સંદર્ભમાં શ્રેણીબદ્ધ પગલાં લીધાં હતાં. કમાલ આતા તુર્કનું સ્વપ્ન તુર્કીને યુરોપિયન માપદંડો મુજબનો આધુનિક અને વિકસિત દેશ બનાવવાનું હતું.શરીયાનાં કાનૂનો, હિજાબ, ઈસ્લામનું સર્વગ્રાહી વર્ચસ્વ વગેરે સંપૂર્ણપણે નકારીને કમાલ આતા તુર્કે જે રાષ્ટ્ર નિર્માણ કર્યું તે ૧૯૨૨થી ૧૯૭૯ સુધી કેટલાય મુસ્લિમ દેશો માટે રોલ-મૉડલ (આદર્શ) રહ્યું. કમનસીબે ૧૯૭૯માં ઈરાનના શાહને દૂર કરી ધર્મગુરુ આયોતોલ્લા ખોમેની આવ્યા, જેમણે રૂઢિચુસ્ત ઈસ્લામને મહત્ત્વ આપી કમાલ આતા તુર્કે આરંભ કરેલી આધુનિકીકરણની પ્રક્રિયાને થંભાવી દીધી. એમણે ઘડિયાળના કાંટા અવળા ફેરવ્યા, એટલું જ નહીં, પણ ૧૯૭૯ પછી ઠેર ઠેર રૂઢિગત ઈસ્લામના અમલ માટે જોહુકમીનો ઉપયોગ કર્યો. રાજ્યો પર ધર્મગુરુઓ, મૌલવીઓ અને આતંકીઓની પકડ મજબૂત બની. ભારતમાં ખિલાફત નાબૂદીનો મુસ્લિમો દ્વારા જે વિરોધ થયો હતો તેના આગેવાનો મહમદઅલી અને શૌકતઅલી નામના બે ભાઈઓ હતા. મહાત્મા ગાંધીએ ખિલાફત આંદોલનને સમર્થન આપ્યું. કેટલાય વિચારકો આ ધાર્મિક મુદ્દાને સ્વાતંત્ર્યસંગ્રામ સાથે જોડવાની બાબત એ ગાંધીજીની હિમાલય જેવડી ભૂલ હતી તેમ માને છે. કમાલ આતા તુર્કની ક્રાંતિ બાદ ખિલાફતનો મુદ્દો અપ્રસ્તુત બન્યો. મહમદઅલી અને શૌકતઅલીએ તેમના આંદોલનની નિષ્ફળતાનો દોષ ગાંધીજી પર ઢોળીને બેફામ વાણીવિલાસ કર્યો હતો. મુસ્લિમ દેશોની કેટલીય ઘટનાઓનો પ્રભાવ ભારતના ઈતિહાસ પર પડ્યો છે, જે નકારી ન શકાય તેવી હકીકત છે.

આપણને જાણીને આશ્ચર્ય થાય કે અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદરે પણ ‘તુરકવાડો’ આવેલ છે. સેંકડો લોકો એક જ્ઞાતિ રૂપે પોતાની પરંપરા મુજબ જીવે છે. સંત કબીરે મુસલમાનો માટે ‘તુરક’ શબ્દનો ઉપયોગ પોતાની સાખીઓમાં કર્યો છે. તુર્કી પર વર્ચસ્વ જમાવવા માટે અમેરિકા અને રશિયા વચ્ચે હોડ જામેલી છે. હાલ તુર્કીનો અભિગમ રશિયા તરફી છે, કારણ કે ભારતને જેમ રશિયા શસ્ત્રો પૂરાં પાડે છે, તેમ તુર્કીને પણ શસ્ત્રો આપે છે. ઇસ્લામના નામે તુર્કી પાકિસ્તાન તરફી છે. કાશ્મીરનો મુદ્દો હોય કે બાબરી મસ્જિદનો, તુર્કી આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાન સાથે ઊભું રહે છે. હાલ પાકિસ્તાનની દેવાળિયા સ્થિતિમાં પણ સમયાંતરે લોન આપી તુર્કી પાકિસ્તાનના  અર્થતંત્રને ટકાવી રાખવામાં મદદ કરે છે. ભારત અને તુર્કી વચ્ચે કેટલાય દેશો આવેલા છે તેમ છતાંય હજારો વર્ષથી આ બંને દેશો વચ્ચે વ્યાપાર, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને સંપર્કો છે. તુર્કીની માથાદીઠ આવક ભારત કરતાં ૪ ગણી છે પણ તેનું અર્થતંત્ર ભારતના અર્થતંત્ર કરતાં ચોથા ભાગનું છે. લશ્કરી તાકાત, વિજ્ઞાન-ટૅક્નૉલૉજી, ડિજિટલ અર્થતંત્ર જેવી અનેક બાબતોમાં ભારત તુર્કી કરતાં આગળ છે. જોકે છેલ્લાં ૧૦ વર્ષમાં તુર્કી ડ્રૉન ટૅક્નૉલૉજી વિકસાવવામાં ભારત કરતાં આગળ રહ્યું છે. અગાઉ મુસ્લિમ રાષ્ટ્રોનું અને ઑઇલ ઉત્પાદક દેશોનું સંગઠન ભારત વિરોધી નીતિ અનુસરતું હતું. તાજેતરમાં સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ભારત-તુર્કીના વિલક્ષણ રાજકીય સંબંધો | ૩ | પ્રવીણ ક. લહેરી |
| થપ્પીબંધ કબરો, ફ્રાન્ઝ કાફકા અને આલ્બેતોવા | ૭ | ભારતી રાણે |
| વિરલ સંશોધકની ગૌરવપૂર્ણ સિદ્ધિ | ૯ | કુમારપાળ દેસાઈ |
| અખિયાં મિલા કે... | ૧૨ | રતિલાલ બોરીસાગર |
| વિશ્વભરમાં વીજ-કટોકટી સર્જશે એઆઈ ટૅક્નૉલૉજી | ૧૫ | હર્ષ મેસવાણિયા |
| માતાપિતાને હું નમું | ૧૮ | સુધા ભટ્ટ |
| બહુઆયામી અન્વેષક | ૨૧ | સુભાષ બ્રહ્મભટ્ટ |
| નિરક્ષર લહરીબાઈની બીજબૅંક | ૨૩ | પ્રીતિ શાહ |
| વનસ્પતિજન્ય ચામડું | ૨૫ | ચિંતન ભટ્ટ |
| પ્રજ્ઞાનઃ બ્રહ્મઃ | ૨૮ | — |
| પુસ્તક પ્રદર્શન | ૩૧ | રાજલ મહેતા |
| એકાંકી નાટક લેખનસ્પર્ધાની ફળશ્રુતિ | ૩૨ | લતા હિરાણી, ગિરિમા ઘારેખાન |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | — |

એમિરાત સહિતના મહત્ત્વના દેશોએ ભારતને કેટલાય અગત્યના મુદ્દામાં સમર્થન આપ્યું છે. અનેક મુસ્લિમ દેશોના અર્થતંત્રમાં બિનનિવાસી ભારતીયોનું પ્રદાન નોંધપાત્ર છે.

૧૯૪૭માં આઝાદી મેળવ્યા બાદ ૧૯૪૮માં ભારત-તુર્કી વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થપાયા છે. છેલ્લાં ૭૬ વર્ષમાં તુર્કીમાં અનેક સરકારો બદલાઈ, પરંતુ તુર્કીની નીતિઓના કારણે ભારત-તુર્કી વચ્ચેના સંબંધો સામાન્ય કક્ષાના રહ્યા. આ સંબંધોમાં છેલ્લાં થોડાં વર્ષોમાં કડવાશ પણ આવી છે. ૧૯૫૦-૬૦ના દાયકામાં તુર્કી 'નાટો' લશ્કરી સંધિના સભ્ય તરીકે અમેરિકા-યુરોપ જોડાયું હતું. આજે પણ તે નાટોનું સભ્ય છે. એ સમયે ભારત બિનજોડાણવાદી સંગઠનનું અગ્રણી હતું. છેલ્લાં થોડાં વર્ષથી તુર્કીના અમેરિકા સાથેના સંબંધો તનાવપૂર્ણ રહે છે. ખાસ કરીને અફઘાનિસ્તાનના પ્રશ્ને તુર્કી અને અમેરિકાનું વલણ તદ્દન જુદું છે. ૨૦૧૮માં રીસેપ તૈયબ ઍરડોગન તુર્કીના પ્રમુખ બન્યા પછી તુર્કીને રૂઢિચુસ્ત ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવા માટે તેઓ પ્રતિબદ્ધ છે. પ્રમુખ ઍરડોગન માટે તુર્કીના વિકાસ કરતાં ઈસ્લામિક દેશોના વડા થવાનો એજન્ડા વધારે મહત્ત્વનો છે. ઍરડોગન ખુલ્લી રીતે ભારત-વિરોધી અને પાકિસ્તાન તરફી છે.

ગત વર્ષે ફેબ્રુઆરીમાં તુર્કીમાં જોરદાર ભૂકંપ આવ્યો. વ્યાપક તારાજી થઈ. ભારતે તરત જ પોતાની બચાવ ટુકડીઓ, વિમાનો, ડ્રૉન વગેરે મોકલીને કાટમાળ હેઠળ દબાયેલા લોકોને બચાવવાની, અનેક ઈજાગ્રસ્તોને તબીબી સારવારની અને આવશ્યક ચીજવસ્તુઓ અસરગ્રસ્ત પરિવારોને પહોંચાડવાની કામગીરી કરી. આ પ્રોજેક્ટને 'ઑપરેશન દોસ્ત' નામ આપવામાં આવ્યું હતું. તુર્કીની પ્રજાએ ભારતની મદદની કદર કરી એની કામગીરીની ખૂબ પ્રશંસા કરી. શરૂઆતમાં એમ લાગ્યું કે ભારત-તુર્કી વચ્ચેના સંબંધોમાં ઉષ્મા અને વિશ્વાસ પ્રગટ થશે. ભારતમાં નિમાયેલા તુર્કીશ એલચીએ ભારતનો આભાર પણ માન્યો. ભારતીય લોકોની મદદથી એટલી સામગ્રી તુર્કીના દૂતાવાસમાં એકઠી થઈ કે તેનું મેદાન સુધ્ધાં સામાનથી છલોછલ થઈ ગયું. તુર્કી સરકારે ટૂંક સમયમાં જ ભારતને પોતાની રાહત ટુકડીઓ પરત બોલાવવા કહ્યું. ભારતના વિદેશમંત્રી જયશંકરે કહેવું પડ્યું, 'અમે કોઈના આભારની અપેક્ષાએ મદદ મોકલતા નથી. મદદ મેળવનાર આભારી હોય કે નહીં, તે મહત્ત્વનું નથી, કારણ કે અમે અમારી પરંપરા મુજબ અમારી શક્તિ મુજબ તમામ માણસોને મદદ કરવામાં વિશ્વાસ રાખીએ છીએ.' તુર્કીના પ્રમુખ ઍરડોગનની આડોડાઈ, કટ્ટર અભિગમ અને અવળી કામગીરી વચ્ચે પણ ભારતે તુર્કીની સામાન્ય જનતાનું દિલ જીતી લીધું એ મહત્ત્વની ઘટના છે.

ભારત અને તુર્કી વચ્ચે વ્યાપાર અંગે ૧૯૭૩માં કરાર થયો હતો તે હેઠળ વ્યાપારિક સંબંધો સારા રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં ભારતે યુ.એસ. ડૉલર ૧૦.૭૮ બિલિયનની કિંમતનો માલસામાન તુર્કીને પૂરો પાડ્યો હતો. આ જ વર્ષે તુર્કીએ ભારતમાં ૩.૫૪

બિલિયન યુ.એસ. ડૉલરની નિકાસ કરી હતી. બંને દેશો વચ્ચે કુલ ૧૪.૩૨ બિલિયનનો વ્યાપાર થયો હતો. ભારતે ૭.૨૪ બિલિયન યુ.એસ. ડૉલરનું સરપ્લસ મેળવ્યું હતું. કેટલાય ભારતીય પ્રવાસીઓ માટે અને 'ડેસ્ટિનેશન વેડિંગ' માટે તુર્કી એ આકર્ષક પસંદગીની જગ્યા છે. ભારત અને તુર્કી વચ્ચે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાનના રસ્તે ૫૦૦૦થી ૬૦૦૦ કિમી.નું અંતર છે. ભારતથી તુર્કી વચ્ચે ટ્રેનવ્યવહાર પણ શક્ય છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની અસ્થિર પરિસ્થિતિને કારણે એશિયાના કેટલાય દેશો સાથે ભારતનો વ્યાપાર મુશ્કેલ બન્યો છે. કઝાખિસ્તાનથી સાઉદી અરેબિયા વચ્ચેના દેશો અને ભારત વચ્ચે મુક્ત વ્યાપારનો કરાર થાય તો આ સમગ્ર વિસ્તારની કાયાપલટ થઈ શકે તેમ છે. કમનસીબે ધર્માંધતા, ત્રાસવાદ અને રૂઢિવાદી અભિગમના કારણે એશિયાની અસ્મિતા ખીલી શકતી નથી. ચીન દ્વારા જે વ્યાપારી માર્ગનો વિકાસ કરવાનો છે, તેમાં ચીનના હિતને પ્રાધાન્ય મળ્યું છે. ભારત અને તુર્કી વચ્ચે વ્યાપાર વધે અને તેમાં વૈવિધ્ય આવે તો ભારત માટે યુરોપના દેશોની બજારોમાં પહોંચવામાં સાનુકૂળતા રહે.

ભારત અને તુર્કી વચ્ચે હજારો વર્ષના સંપર્કોને કારણે સાંસ્કૃતિક આદાન-પ્રદાન હોવું સ્વાભાવિક છે. આ સંબંધો વધારવા માટે ૧૯૫૧માં ભારત અને તુર્કી વચ્ચે અનેક સમજૂતી થઈ છે. આ સમજૂતી કરાર હેઠળ એકમેકના દેશની સભ્યતા અને સાંસ્કૃતિક વારસાને જોડવાની અને આદાન-પ્રદાન કરવાની જોગવાઈઓ છે. જોકે છેલ્લાં ૭૩ વર્ષોમાં આ ક્ષેત્રે બંને દેશોએ કોઈ નોંધપાત્ર કામગીરી કરી નથી તે હકીકત છે. ભારત અને તુર્કીનો સહયોગ ઉભય પક્ષે લાભદાયી નીવડે તેવો છે. G20ના દેશોના સંગઠનના યજમાન તરીકે વર્ષ ૨૦૨૩માં ભારતે તમામ સભ્યદેશોની સારી મહેમાનગતિ કરી પરંતુ આજે પણ ચીન, પાકિસ્તાન પછી વર્ષો સુધી ભારત પ્રતિ શત્રુભાવ રાખનાર તુર્કી અને તેના શાસકો કોઈ વિચિત્ર પૂર્વગ્રહના કારણે ભારતની ક્ષમતા, વિકાસ અને અનેક ક્ષેત્રોએ ઉપયોગી થવાની તત્પરતાને નજરઅંદાજ કરી રહ્યા છે. તુર્કી ભારત વિરોધી વલણ અપનાવે છે તે આશ્ચર્યજનક છે. ભારતે પ્રથમ વખત તુર્કી સાથે મતભેદ ધરાવતા તેના પાડોશી દેશો સાથે મિત્રતા કેળવીને તુર્કીને સંદેશો આપ્યો છે કે ભારતનો વિરોધ કે અવગણના કરવી નિરર્થક છે. જો તુર્કીમાં રૂઢિવાદ વકર્યો તો તુર્કીની પ્રજા પણ સીરિયા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના માર્ગે જઈને પોતાને માટે મુશ્કેલીઓ પેદા કરશે.

**– પ્રવીણ ક. લહેરી**

---

## આસ્વાદ

### ૧૯ મે ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'કલાની સામાજિક નિસબત' વિશે ગુજરાતી નાટકો, ફિલ્મોનાં અભિનેત્રી અને રેડ એફએમનાં આર. જે. દેવકી વક્તવ્ય આપશે.

# થપ્પીબંધ કબરો, ફ્રાન્ઝ કાફ્કા અને આલ્બેતોવા

જમ્યા પછી બસ અમને જૂના પ્રાહામાં ઉતારી ગઈ. જૂની નગરીમાં અમારે ચાલતાં ફરવાનું હતું. આલ્બેતોવાની કથ્થાઈ છત્રીની દાંડીએ અમારી પદયાત્રા શરૂ થઈ. 'આ છે ઓલ્ડ જૂઈશ ટાઉન. યહૂદીઓની અત્યંત પુરાણી વસાહત. આને જોસેફોવ પણ કહે છે, જે નામ યહૂદીઓના હમદર્દ એવા એક રાજાના નામ પરથી આપવામાં આવ્યું છે. બીજા વિશ્વયુદ્ધ વખતે, યહૂદીઓની વસાહત હોવા છતાં, અહીં ઓછામાં ઓછી તારાજી થયેલી. હિટલરે બૉમ્બમારો કરતી વખતે આ ગલીને ને આ મહોલ્લાને ખાસ સાચવેલા, કારણ કે એની ઇચ્છા હતી કે, યુદ્ધ પત્યા પછી અહીં, નિકંદન નીકળી જતાં લુપ્ત થઈ ગયેલી જાતિવિષયક સંગ્રહાલય બનાવીશ ! હિટલરની અડધી ઇચ્છા જ પૂરી થઈ. યહૂદીઓનું નિકંદન તો એ ન કાઢી શક્યો, પરંતુ ત્યાં એમની જાતિ વિશેનું મ્યુઝિયમ જરૂર બન્યું.' આલ્બેતોવાએ જૂઈશ ટાઉનની એક ગલીમાં જૂઈશ મ્યુઝિયમ બતાવતાં કહ્યું.

ગલીમાં ગીચોગીચ મકાનો વચ્ચે એક નાનું કબ્રસ્તાન આલ્બેતોવાએ અમને બતાવ્યું. પંદરમી સદીમાં અસ્તિત્વમાં આવેલ આ કબ્રસ્તાન, યહૂદીઓનું જૂનામાં જૂનું હયાત એવું કબ્રસ્તાન છે. એમાં જગ્યાના અભાવે પંક્તિ પણ ન રચી શકાતાં, વાંકાત્રાંસા થઈ ગયેલા તો ક્યાંક ઊખડી ગયેલા પથ્થરો પડ્યા હતા. અહીં લોકોને ઉપરાઉપરી દફનાવવામાં આવ્યા છે. આશરે બારેક સ્તરની થપ્પીમાં લાખેક લોકો અહીં શ્વાસની લીલા સમેટીને સૂતા છે ! આજે બારેક હજાર પથ્થરની તકતીઓ અહીં ગીચોગીચ પડેલી દેખાય છે. દરેક તકતી પર નીચે સૂતેલા લોકોનાં નામ તથા વ્યવસાયનું ટૂંકું વર્ણન કોતરેલું જોવા મળે છે. ૧૪મી સદીથી ૧૭મી સદી દરમિયાન દફનાવાયેલા અનેક લોકોની કબરો વચ્ચે એક કબર રબ્બી લોવની છે. આ કબરના પથ્થરોની તિરાડમાં કાગળ ભેરવેલા જોઈને આશ્ચર્ય થયું. આલ્બેતોવાએ સમજાવ્યું કે, પ્રાહાના યહૂદીઓ, સોળમી સદીમાં મૃત્યુ પામેલ આ વિદ્વાનને પરદુઃખભંજક મસીહા માને છે. હજીય એવી માન્યતા કાયમ છે કે, પોતાની તકલીફો કે પ્રશ્નો લખીને આ તિરાડોમાં મૂકી જાવ તો, રબ્બીજી પોતાના ગોલેમ નામના સહાયકની મદદથી એ તમામ તકલીફો દૂર કરી આપે છે. રબ્બી લોવને ને એમના સાથી - શ્રીમાન ગોલેમને પહેલેથી જ ઘણું કામ હતું; એટલે એકાદ વધારાનું કામ સોંપીને, એમની તકલીફ વધારવાનું મન ન થયું. ચબરખી તો ન મૂકી, અમે તો ત્યાં મૃતદેહોના ઢગલામાં થપ્પીબંધ પડેલી સદીઓને સ્પર્શીને કૃતકૃત્ય થયાં.

જાણે ચિરનિદ્રામાં સાગમટે સૂતેલી આશા-નિરાશાઓ ! વ્યથાઓના ચિત્કાર ને રક્તપાતનાં ક્રંદન હવે શાંત છે. જિજીવિષાની જ્યોત અને સપનાંઓનાં ઝુમ્મર બધું જ બુઝાઈ ગયું છે. હવે તો, યુરોપ આખામાં બધું જ શાંત છે. અહીં યહૂદીઓનો ખડકલો



છે, તો વળી ક્યાંક એમની કત્લેઆમ કરનારા ચોખ્ખીચણાક કબરો બિછાવીને સૂતા છે ! હિટલરની મહત્ત્વાકાંક્ષાઓ ને એની રક્તપિપાસા પણ એનાં શરીર સાથે માટીમાં મળી ગઈ. ખરેખર, આ ધસમસતા મહાકાળ સામે કોઈનુંય શું મહત્ત્વ હતું ? મડદાંનો આ ટીંબો જાણે પૂછી રહ્યો હતો કે, શા માટે થાય છે યુદ્ધો ? શા માટે થાય છે નરસંહાર ? આ ટીંબા સુધી પહોંચવાનો રસ્તો હજીય કેમ લોહિયાળ છે ?

મન બોજલ થઈ ગયું. સાથેનું ટોળું ને આલ્બેતોવાનો અવાજ બધું જ ક્ષણભર ભૂંસાઈ ગયું, ત્યારે એક પડછાયાએ ખભે હાથ મૂકીને કહ્યું, ‘એની મીઝરી કૂડ ઓનલી લાસ્ટ ફોર અ ફ્યુ મન્થ્સ, ધેન આફટર ઑલ, એવરીથિંગ વિલ હેવ ટુ બી ઑલરાઈટ ! એ પડછાયો ફ્રાન્ઝ કાફકાનો હતો. પ્રાહા શહેર અને અમર લેખક ફ્રાન્ઝ કાફકા એકબીજામાં એવાં તો ઓતપ્રોત છે કે, એમની નવલકથાઓમાં વર્ણવેલાં કેટલાંયે સ્થળ, કેટલાંય વ્યક્તિત્વ, આજેય પ્રાહામાં ધબકતાં હોય, તેવું લાગે ! આ ઓલ્ડ જૂઈશ ટાઉનમાં જ એમનું જન્મસ્થળ છે. આ ગલીઓમાં જ એમનું બાળપણ પિતાના કડક સ્વભાવના દાહક ખૌફમાં ને માતાની શાતાદાયક મમતામાં વીત્યું. આ એ જ દુનિયા છે, જ્યાં એમણે સ્નેહ ઝંખ્યો ને હૃદયને શબ્દમાં ઢાળ્યું. આ વિસ્તારમાં જ કાફકાની સ્મૃતિઓનું મ્યુઝિયમ પણ છે, જેનું વિષયવસ્તુ જ એ છે કે એક શહેર શી રીતે કોઈ સર્જકનું ભાવવિશ્વ ઘડે છે ! કાફકાના અભ્યાસુઓ તો એટલી હદ સુધી માને છે કે પ્રાહા શહેર અને આ સર્જકની માનસિકતા જ નહીં – એ બંનેની નિયતિ પણ પરસ્પર સંકળાયેલી હતી. એમણે એમનાં સમગ્ર સર્જનમાં ક્યાંય પ્રાહાનું કે એના કોઈ સ્થળનું નામ પણ લીધું નથી, છતાંય કાફકાએ કલ્પનાલોક બનાવી દીધેલું એ શહેર પ્રાહા જ

**(અનુસંધાન ૩૦મા પાને)**

# વિરલ સંશોધકની ગૌરવપૂર્ણ સિદ્ધિ

સમગ્ર ગુજરાત જેને માટે ગૌરવ લઈ શકે તેવી ઘટના તાજેતરમાં સર્જાઈ છે. ગુજરાતના વિખ્યાત કાર્ડિયોલૉજિસ્ટ અને પોતાના ક્ષેત્રના ખ્યાતિપ્રાપ્ત સંશોધક ડૉ. તેજસ પટેલને 'માસ્ટર ફેલો ઑફ સોસાયટી ઑફ કાર્ડિયોવાસ્ક્યુલર એન્જિયોગ્રાફી ઍન્ડ ઇન્ટરવેન્શન' (MSCAI) ઍવૉર્ડ એનાયત કરવામાં આવશે. આ ઍવૉર્ડ એ વિશ્વભરના જૂજ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટને આપવામાં આવે છે. આ સન્માનને માટે સમગ્ર વિશ્વમાંથી માત્ર સાત કે આઠ ડૉક્ટર પસંદગી પામે છે. ગૌરવભરી વાત તો એ છે કે ડૉ. તેજસ પટેલ આ ઍવૉર્ડ પ્રાપ્ત કરનારા બીજા ભારતીય ડૉક્ટર છે.

વળી પોતાની કાર્ય-કુશળતાથી સર્વત્ર વિખ્યાત એવા ડૉ. તેજસ પટેલને ભારત સરકારે અગાઉ ૨૦૧૫માં 'પદ્મશ્રી' ઍવૉર્ડથી નવાજ્યા હતા અને તાજેતરમાં એમને એમના વિશિષ્ટ સંશોધનકાર્ય માટે ભારત સરકાર તરફથી 'પદ્મભૂષણ'નો ૨૦૨૪નો ગૌરવભર્યો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય કાર્ડિયોલૉજિસ્ટ તરીકે વિશ્વવ્યાપી ખ્યાતિ ધરાવનાર ડૉ. તેજસ પટેલ અમદાવાદની 'ધ એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ'ના ચૅરમૅન અને ચીફ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ તરીકે કાર્યરત છે. આ અગાઉ ઘણી સંસ્થાઓમાં એમણે કાર્ડિયોલૉજી વિભાગના હેડ તરીકે અને પ્રોફેસર તરીકે કામગીરી બજાવી છે. અમેરિકાના રિચમન્ડ શહેરમાં આવેલા વર્જીનિયા કૉમનવેલ્થ યુનિવર્સિટી મેડિકલ સેન્ટરમાં ઇન્ટરવેન્શનલ મેડિસિન વિભાગમાં પ્રોફેસર ઑફ મેડિસિન (કાર્ડિયોલૉજી) તરીકે કાર્ય કર્યું હતું અને એ કાર્યનું અનુસંધાન છેક મેયો ક્લિનિક સુધી પહોંચ્યું, જ્યાં ૨૦૧૭ના સપ્ટેમ્બરથી એના કાર્ડિયોલૉજી ડિપાર્ટમેન્ટના મુલાકાતી અધ્યાપક તરીકે ડૉ. તેજસ પટેલ કાર્યરત છે.

સોજીત્રામાં જન્મેલા ડૉ. તેજસ પટેલે નાનપણમાં જ માતાની છત્રછાયા ગુમાવી. મોસાળમાં ઊછર્યા, પરંતુ પિતાની કડક શિસ્તથી તેમનું ઘડતર થયું. પિતા અભ્યાસ અને કસરતનો સતત આગ્રહ રાખતા. તેઓ માનતા કે શરીર સારું હશે તો જીવનમાં કંઈ પણ પ્રાપ્ત કરી શકાશે અને લાંબા અંતર સુધી કામ કરી શકાશે. એ રીતે નાનપણથી જ તેજસભાઈના જીવનમાં કસરત, યોગ, સ્વિમિંગ, પ્રાણાયામ વણાઈ ગયાં. એમના ડૉક્ટર પિતા આજે ૮૮ વર્ષે પણ વીસ કિમી. સાઇકલ ચલાવે છે.

આવી શિસ્તને કારણે આજે તેજસ પટેલ સ્વસ્થતાથી દર્દીની સારવાર કરી શકે છે. તેઓ કોઈ પણ વ્યક્તિની સારવાર કરે છે ત્યારે તે તેમને માટે માત્ર દર્દી હોય છે અને પોતે ડૉક્ટર. પછી તે દર્દી તરીકે પિતા હોય કે કોઈ સેલિબ્રિટી હોય - તેમના મન પર કોઈ તણાવ રહેતો નથી. પરમપૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજને ૮૮ વર્ષની ઉંમરે

પેસ મેકર મૂકવાનું હતું ત્યારે સમગ્ર વિશ્વના હરિભક્તોની નજર તેમના પર હતી, કારણ કે ઘણાએ સ્વામીને અમેરિકા લઈ જવાની ઇચ્છા દર્શાવી, પરંતુ પ્રમુખસ્વામીએ કહ્યું કે પેસ મેકર તેજસ અને એની ટીમ કરશે. તે સમયે તેમને એનેસ્થેશિયા આપી શકાય તેવી તેમની પરિસ્થિતિ નહોતી. તેજસભાઈએ પ્રમુખસ્વામીને કહ્યું કે એનેસ્થેશિયામાંથી બહાર નહીં આવો તો શું ? એમણે કહ્યું, 'મને કશું નહીં થાય. તું તારે કર.' અને તેમણે જોયું કે જે દુઃખ હતું તે તેમના આત્મા સુધી પહોંચતું નહોતું. જાણે શરીરને અડીને બહાર નીકળી જતું હતું. ગીતામાં કહ્યું છે કે શરીર અને આત્મા જુદા છે એ અનુભવ્યું. એમના જીવનનો આ ડિવાઇન અનુભવ હતો. આ બધું કરવામાં જોખમ હતું પણ એમની ઇચ્છાને માન આપવું હતું તેથી જોખમ લીધું.

ડૉ. તેજસ પટેલને માટે શીખવવું એ તેમનું એક પેશન છે. એમણે પ્રથમવાર કૅમેરા સામે સર્જરી શરૂ કરી જેથી તે વ્યાપક સ્તર સુધી પહોંચે. એમણે ૨૭ દેશોમાં શીખવ્યું અને ચીનમાં પંદર વર્કશૉપ કર્યાં. લાઇવ બતાવતી વખતે સામે ચારસો-પાંચસો વ્યક્તિ બેઠી હોય, સવાલો આવતા હોય તેના જવાબો આપવાના અને સાથે સાથે કામ કરવાનું, તેના માટે મનની સ્થિરતા રહેવી જોઈએ તે રહે છે તે માટે તેઓ ઈશ્વરનો આભાર માને છે. કામ કરતી વખતે ગુરુએ આપેલી શીખ કે 'સ્થિતપ્રજ્ઞ રહેવાનું, લોકોનું નહીં સાંભળવાનું' તે યાદ રાખે છે. કોઈ કેસમાં complication આવે તોપણ સારવાર ચાલુ રાખીને બતાવીએ તો જ ભવિષ્યની પેઢી શીખી શકે. અમેરિકા સિવાય યુરોપ, આફ્રિકા અને એશિયામાં સૌથી પહેલો રોબૉ ડૉ. તેજસ પટેલે લીધો. જેથી વધુ સારું સંશોધન કરી શકાય. અક્ષરધામથી એપેક્ષનું અંતર ત્રીસ કિમી.નું છે. અક્ષરધામમાં બેસીને ઇન્ટરનેટ બૅન્ડથી કમાન્ડ આપીને રોબૉની મદદથી ચાર-પાંચ કેસ કર્યા. આજથી વીસ-પચીસ વર્ષે એનું મહત્ત્વ સમજાશે એમ તેઓ માને છે. કાર્ડિયોલૉજિસ્ટ ગમે ત્યાં બેઠો હોય અને કેથલૅબ અને રોબૉ હોય તો એન્જિયોપ્લાસ્ટી કરી શકશે. દિલ્હી, અમદાવાદ કે મુંબઈમાં બેઠા બેઠા કાર્ડિયોલૉજિસ્ટ લદાખમાં કોઈ સૈનિકને જરૂર હશે તો એન્જિયોપ્લાસ્ટી કરી શકશે.

સૌથી મહત્ત્વની વાત તો એમનાં મૌલિક સંશોધનો છે. એમણે ટ્રાન્સરેડિયલ ઇન્ટરવેન્શનલમાં ઘણાં નવાં સંશોધનો કર્યાં છે. જેમાં રોબૉટિક PCI અને ડિસ્ટન્ટ ટેલિરોબૉટિક PCI અંગેનાં સંશોધનો પણ સ્થાન ધરાવે છે. એક સંનિષ્ઠ શિક્ષક તરીકે એમણે ભારત અને વિદેશના આઠ હજાર જેટલા કાર્ડિયોલૉજિસ્ટોને પોતાની આગવી ટૅક્નિકની તાલીમ આપી છે. છેલ્લાં અઢાર વર્ષથી તેઓ સતત TRICOને નામે ઓળખાતો ટ્રાન્સરેડિયલ ટૅક્નિકનો આંતરરાષ્ટ્રીય ટ્રેનિંગ કોર્સ કરાવે છે. એમણે લખેલાં સંશોધનનાં ત્રણ પુસ્તકોએ આ વિષયમાં નવો પ્રકાશ પાડ્યો છે અને અત્યારે 'Patel's Atlas of Transradial Intervention : The Basics', 'Patel's Atlas of Transradial Intervention; The Basics & Beyond', and 'Patel's Atlas of Complications of Coronary Interventions; Plan-B' જેવાં પુસ્તકોનો ટેક્સ્ટબુક તરીકે આ ક્ષેત્રમાં ઉપયોગ થાય છે. આ ત્રણ પુસ્તકો ઉપરાંત એમના ૩૩૩ જેટલા

બીજા લેખો પ્રગટ થયા છે. એમાંથી જુદાં જુદાં પાઠ્યપુસ્તકોમાં એમનાં ૨૪ જેટલાં પ્રકરણો લેવામાં આવ્યાં છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સામયિકોમાં ૧૯૮ જેટલા મૌલિક લેખો પ્રગટ થયા છે. અમેરિકાની અગ્રણી ઇન્ટરવેન્શનલ સોસાયટીમાં વ્હાઇટ પેપર લખનારા તેઓ એક છે. એમની www.trico.guru નામની એમના વિષયનું શિક્ષણ આપતી વેબસાઇટ અત્યંત વ્યાપક અને ઉપયોગી બની રહી છે. અમેરિકાનાં પ્રસિદ્ધ સામયિકોનાં સંપાદન મંડળમાં એમનું સ્થાન છે અને સૌથી વધુ તો એમનાં સંશોધનોનો આજે વિશ્વવ્યાપી ઉપયોગ થાય છે.

ડૉ. તેજસ પટેલની વિશેષતા એ છે કે એ સતત સંશોધનકાર્ય કરતા રહે છે. આનંદી સ્વભાવ ધરાવતો પ્રસન્ન ચહેરો અને સ્પષ્ટ નિદાનની ખૂબી ધરાવતા તેજસ પટેલના ચિત્તમાં સતત નવાં નવાં સંશોધન માટેના વિચારો આવતા રહે છે અને એનું ક્લિનિકલ રિસર્ચ કર્યા બાદ તેઓ પોતાનું સંશોધન માનવજાતને ચરણે ધરતા હોય છે. તેઓ હૃદયમાં સ્ટેમસેલનો ઉપયોગ અને આ સ્ટેમસેલ ફરીથી કુદરતી હૃદય કેવી રીતે બનાવી શકાય એવી મૂળભૂત બાબતો માટે સંશોધન કરી રહ્યા છે. તો વળી ક્રોએશિયાના પાટનગર ઝગરેબસ્થિત સેંટ કેથરિન હૉસ્પિટલ, હાઈ-ફાઇડાલિટી ઇઝરાયલ સેન્ટર, મેયો ક્લિનિક અને એપેક્સ સાથે સહયોગમાં રહીને આ કામ પૂર્ણ કરવાની આશા રાખે છે.

તેમને ઘણા પ્રતિષ્ઠિત ઍવૉર્ડ મળ્યા છે, પરંતુ ડૉ. તેજસ પટેલ માને છે કે દર્દીનો ભરોસો એ જ એમના માટે સાચો ઍવૉર્ડ છે. તેમને જે કોઈ ઍવૉર્ડ મળે છે તેનો યશ તે તેમની સમગ્ર ટીમને, વડીલો અને સંતોના આશીર્વાદ તથા ઈશ્વરની કૃપાને આપે છે. હાલ તેઓ તેમના ક્ષેત્રે અનેક સંશોધનો કરી રહ્યા છે. તેઓ છેલ્લી ઓવરમાં છ બૉલમાં છ સિક્સ મારીને નિવૃત્ત થવા માગે છે. ડૉક્ટર ક્ષેત્રે આટલી સફળતા મળી છે, પરંતુ તેઓ કહે છે કે મારો આત્મા ખેડૂતનો છે. અમદાવાદથી પચાસ કિમી. દૂર નદીકિનારે જમીન લીધી છે જેમાં તેઓ વિશ્વકક્ષાનું ફાર્મિંગ કરવાનું તેમજ ગાયો પર સંશોધન કરવાનું આયોજન કરી રહ્યા છે. નિવૃત્તિમાં પણ દસ કલાક કામ કરીને તેઓ celebrated agriculturist તરીકે ઓળખાવા માંગે છે.

એ પણ નોંધવું જોઈએ કે ડૉ. તેજસ પટેલ યોગવિદ્યાનો ઊંડો અભ્યાસ ધરાવે છે અને યોગનાં આસનો શરીરના અને વિશેષે કરીને હૃદયના સ્વાસ્થ્ય પર કેવી રીતે પ્રભાવશાળી બની શકે છે, એને વિશે એમણે ઘણું ઊંડું સંશોધન કર્યું છે. આશા રાખીએ કે એમના યોગના વાસ્તવિક અનુભવનો નિચોડ પ્રાપ્ત થશે, તો તે સમાજને અત્યંત ઉપયોગી બનશે. વિશ્વકોશને માટે સવિશેષ આનંદની વાત એ છે કે વિશ્વકોશના શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકરની તેજસભાઈએ ખૂબ સંભાળ લીધી હતી અને એ બંને વચ્ચે એક સ્નેહનો નાતો બંધાઈ ગયો હતો. પરિણામે ડૉ. તેજસ પટેલની આ સિદ્ધિઓને અભિનંદવા માટે વિશ્વકોશ ટ્રસ્ટના સહુ કોઈ હોંશભેર જોડાયા છે.

**- કુમારપાળ દેસાઈ**

હાસ્ય

# અખિયાં મિલા કે...

થોડા દિવસ પહેલાં એક સ્નેહી ઘેર આવ્યા. એ આવ્યા ત્યારે મેં ઘેરા કાળા રંગનાં, ઘોડાગાડીએ જોડેલા ઘોડાને હોય છે એવાં ડાબલાંવાળાં, ચશ્માં પહેર્યાં હતાં. મારી ઉંમર અને કાળાં ચશ્માંનો સહસંબંધ રચી એમણે પૂછ્યું, ‘મોતિયો ઉતરાવ્યો છે ? નેત્રમણિ મુકાવ્યો ? ફેકોવાળું ઑપરેશન કરાવ્યું કે ટાંકાવાળું ?’ મારી ઉંમર જોતાં આ પ્રશ્નો અસ્વાભાવિક ન ગણાય. જોકે યુવાન વયે પણ મોતિયાનું ઑપરેશન કરાવનારા હોય છે. પાંત્રીસ વરસની ઉંમરના મારા એક યુવાન મિત્ર કોઈ આરોગ્યવિષયક સામયિકના સંપાદક હતા. સામયિકના જે અંકમાં મોતિયો ન આવે એ માટે શું કરશો એવી સલાહ આપવામાં આવી હતી. એ જ અંક – સંપાદકનો યુવાન વયે મોતિયો ઉતરાવવો પડ્યો એ કારણે – મોડો બહાર પડ્યો હતો ! એટલે મેં મોતિયો ઉતરાવ્યો હશે એવી શંકા સ્નેહીને પડે એમાં મારે માઠું લગાડવાનું કોઈ કારણ નહોતું. આમ છતાં, એમને ખાતરી કરાવવા મેં કાળાં ચશ્માં કાઢ્યાં. અમારી મળી દૃષ્ટોદૃષ્ટ અને સ્નેહી ચીસ પાડી ઊઠ્યા, ‘અરે ! મારી આંખમાં આ ખટકો શેનો આવ્યો ?’

‘વડીલ ! પ્રથમ દૃષ્ટિએ પ્રેમ જ નહિ, રોગ પણ થતો હોય છે એની આ સાબિતી છે. મને કંજક્ટિવાઇટિસ થયો છે અને તમને થવાની તૈયારી છે.’ મારી વાત સાંભળી સ્નેહી ભાગ્યા. જે કામે આવ્યા હશે એ અંગે વાત કરવાનું પણ વીસરી ગયા. ચા પીવા પણ ન રોકાયા. (કોઈ વાર રોગ યજમાન માટે આ રીતે ફાયદાકારક પણ નીવડી શકે !)

‘કંજક્ટિવાઇટિસ’નો ‘અખિયાં મિલા કે’ એવો અનુવાદ જેણે કર્યો હશે તેનામાં ઉત્તમ અનુવાદક તરીકેની ક્ષમતા હશે એમાં શંકા નથી. જૂની ફિલ્મનું એક ગીત છે : ‘અખિયાં મિલા કે, જિયા ભરમા કે ચલે નહિ જાના, ઓ...ઓ... ચલે નહિ જાના.’ કંજક્ટિવાઇટિસનો રોગ કોઈ આપણને ચોંટાડીને ચાલવા માંડે તો ‘અખિયાં મિલા કે, અખિયાં દુખા કે...ચલે નહિ જાના...ઓ...ઓ... ચલે નહિ જાના,’ એવું ગીત ખરાબ કંઠે પણ ગાવું.

‘અખિયાં મિલા કે’વાળો હૃદયને લગતો જે રોગ થાય છે તે સામાન્ય રીતે યુવાવસ્થામાં થાય છે. (અસામાન્ય રીતે તો ગમે તે ઉંમરે થાય છે!) પણ ‘અખિયાં મિલા કે’નો આંખોને લગતો આ રોગ આબાલવૃદ્ધ સૌને થાય છે. અખિયાં મિલા કે વાળો હૃદયનો રોગ જેને થાય છે એને જગત સાવ જુદું જ લાગવા માંડે છે. એ જ રીતે ‘અખિયાં મિલા કે’નો આંખનો રોગ જેને થાય છે એને પણ (કાળાં ચશ્માંને કારણે) જગત જુદું જ દેખાવા માંડે છે.

‘અખિયાં મિલા કે’ થયા પછીના પહેલા દિવસે બહાર જતી વખતે હું છત્રી શોધતો

હતો. આંખો નબળી હોવાથી નંબરવાળાં ચશ્માં પહેર્યાં હોય ત્યારે પણ કેટલીક વાર હું શોધતો હોઉં તે વસ્તુ નથી દેખાતી. દૂરનું જોવાનાં ચશ્માં પહેરી નજીકનું જોવાનાં ચશ્માં શોધું છું ત્યારે કેટલીક વાર, નજીકનું જોવાનાં ચશ્માં સાવ નજીકમાં પડ્યાં હોય તોય દેખાતાં નથી. એ દિવસે તો નંબર વગરનાં કાળાં ચશ્માં પહેર્યાં હતાં એટલે છત્રી ન દેખાય એ બિલકુલ સ્વાભાવિક હતું. છત્રી શોધવા મેં થોડાં ફાંફાં માર્યાં. એમાં સાવ પગ પાસે પડેલાં કપ-રકાબી હડફેટમાં આવી ગયાં.

'શું શોધો છો ?' કપરકાબી ફૂટવાનો અવાજ સાંભળી ચાર-પાંચ ગળાંમાંથી એકસાથે પ્રશ્ન વછૂટ્યો.

'છત્રી.' મેં કહ્યું.

'કેમ ? છત્રીનું અત્યારે શું કામ છે ?'

'આ વરસાદ આવું-આવું થઈ રહ્યો છે. સાવ અંધારું થઈ ગયું છે ને તમે કહો છો, છત્રીનું શું કામ છે?' મારો ખુલાસો સાંભળી સૌ સર્વાનુમતે હસી પડ્યાં. કોઈકે કહ્યું, 'અરે, વરસાદનું તો ક્યાંય નામનિશાન નથી; ઊલટો તડકો નીકળ્યો છે. જરા કાળાં ચશ્માં ઉતારીને જુઓ !' માયાનાં ચશ્માં ઉતારીને જોવાનો ઉપદેશ આપતા જ્ઞાનીની પેઠે કોઈકે કહ્યું. માયાનાં ચશ્માં ઉતારવાનું તો એટલું સહેલું નથી. પણ કાળાં ચશ્માં ઉતારવાનું અઘરું નહોતું એટલે મેં કાળાં ચશ્માં ઉતાર્યાં. ઘરનાં લોકોની વાત સાચી હતી, પણ મેં કાળાં ચશ્માં ઉતાર્યાં એ જ વખતે પોસ્ટકાર્ડ લેવા આવેલા પડોશીની અખિયાંનો મારી અખિયાં સાથે યોગ થયો ને એ યોગને કારણે પડોશી પોસ્ટકાર્ડની સાથે રોગ પણ લઈ ગયા ! આ પછી એમણે એ રોગ ઘરના બાકીના છ સભ્યોમાં સંક્રાન્ત કર્યો. 'આપણને હોય તે આપણા પડોશીને પણ હજો' એવી ભાવના સેવવી એ ઘણી ઉત્તમ વાત ગણાય છે. પણ અહીં તો એવી ભાવના સેવ્યા વગર પણ મને મળ્યું તે પડોશીને પણ મળ્યું !

સામાન્ય રીતે રોગ માતાપિતા તરફથી સંતાનોને વારસામાં મળે છે. પણ 'અખિયાં મિલા કે'માં એથી ઊલટું પણ બની શકે છે. મને આ રોગ મારા પુત્ર તરફથી મળ્યો હતો ને પુત્રને એની પુત્રી તરફથી આ રોગ મળ્યો હતો. વહુના હૃદયની પીડાનું કારણ ઘણુંખરું સાસુ હોય છે. પણ સાસુની આંખની પીડાનું કારણ વહુ પણ હોઈ શકે. અમારા ઘરમાં એમ જ બન્યું હતું.

'અખિયાં મિલા કે' થયા પછી ઉપચાર માટે હું અમારા ફૅમિલી ડૉક્ટરને મળ્યો. એમને થયું કે હું બ્લડપ્રેશર મપાવવા આવ્યો હોઈશ. એટલે એમણે રક્તદાબમાપક યંત્ર હાથમાં લીધું. મેં કહ્યું, 'સામાન્ય રીતે હૃદયની પીડા માટે આંખ જવાબદાર હોય છે. પણ મને તો આંખ દ્વારા જ આંખની પીડા થઈ છે.' ડૉક્ટર હસ્યા. પણ જેવાં મેં ચશ્માં ઉતાર્યાં ને ડૉકટરની આંખ સાથે મારી આંખ મળી કે એમની આંખમાં ખટકો આવ્યો. તરત જ એમનું હાસ્ય વિલાઈ ગયું. પછી બીજે દિવસે બ્લડપ્રેશર મપાવવા ગયો ત્યારે ડૉક્ટરે પણ કાળાં ચશ્માં પહેર્યાં હતાં !

'અખિયાં મિલા કે' નો રોગ મને પુરબહારમાં થયો હતો એ વખતે એક મિત્રને ફોન કરવાનો થયો. મિત્રે પૂછ્યું, 'શું નવાજૂની છે ?'

'વૃદ્ધ આંખે યુવાન રોગ થયો છે.'

'શું થયું છે ?'

'અખિયાં મિલા કે.'

થોડી વાર વાત કરી મેં ફોન મૂક્યો. થોડી જ વારમાં ફોનની ઘંટડી રણકી. થોડી વાર પહેલાં જેમની સાથે વાત કરી હતી એ જ મિત્રનો ફોન હતો. તેમણે કહ્યું, 'તમારી સાથે ટેલિફોન પર વાત કરવા માત્રથી મારી આંખ દુખવા આવી છે !'

'તો ટેલિફોન મૂકી દો, નહિતર હવે તમારી સાથે વાત કરવાને કારણે મારી બીજી આંખ દુખવા આવશે.' મેં કહ્યું અને મિત્રે ફોન મૂકી દીધો. જેને 'અખિયાં મિલા કે'નો રોગ થયો હોય એની સાથે ફોન પર વાત કરવાથી એ રોગનો ચેપ લાગે એ સંભવિત જણાતું નથી. પણ એ સાચું હોય તો તમે હવે આ લેખ વાંચતા અટકી જાઓ. 'અખિયાં મિલા કે' વિશેનો લેખ વાંચતાં પણ એનો ચેપ લાગી શકે, કદાચ !

**– રતિલાલ બોરીસાગર**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# વિશ્વભરમાં વીજ-કટોકટી સર્જશે એઆઈ ટેક્નોલોજી

એઆઈ ટૅક્નૉલૉજીના કારણે ઘણાં ક્ષેત્રોમાં ક્રાંતિ સર્જાઈ રહી છે, પરંતુ 'ડીપફેક' જેવી ખતરનાક આડઅસરો પણ આપણી સામે આવી છે. એવી જ બીજી એક આડઅસર એ જોવા મળી છે કે એઆઈથી વીજળીની ડિમાન્ડ ખૂબ વધી ગઈ છે. સ્માર્ટફોન, લૅપટૉપ, ટૅબ કે એના જેવી જેટલી ટૅક્નૉલૉજીનો આપણે ઉપયોગ કરીએ છીએ, એમાં બૅટરી ચાર્જ કરવી પડે છે. આ બધી જ પ્રોડક્ટ્સ પાવરથી ચાલે છે એટલે એ વીજળી આધારિત છે, પરંતુ આટલી વીજળી પૂરતી નથી. એની ડિવાઇસમાં જરૂરી વીજળી કરતાં પાવરનો કેટલોય જથ્થો ટૅક્નૉલૉજી પાછળ ખર્ચાય છે. આપણે એપનો ઉપયોગ કરીએ, તેમાં આપણા મોબાઇલની બૅટરી જ નથી ખર્ચાતી, એ એપ ચાલુ રાખવા માટે ડેટા સેન્ટર્સ, સર્વર દિવસ-રાત ઍક્ટિવ રહે છે ને એ ચલાવવા માટે વીજળીની જરૂર પડે છે. એ જ એપ બને ત્યારે કમ્પ્યૂટર્સમાં પાવર કન્ઝમ્પ્શન થાય છે, એ જ રીતે મોબાઇલનું ઉત્પાદન થાય ત્યારે એમાં જેટલાં ફિચર્સ આપણને મળે છે, એ બધાંનાં સૉફ્ટવૅર બનાવવામાં પણ વીજપુરવઠો ખર્ચાય છે.

ટૂંકમાં આપણા સુધી પહોંચતી ટૅક્નૉલૉજી પાછળ વીજળીનો મોટો જથ્થો ખર્ચાય છે. ટૅક્નૉલૉજી જેમ જેમ વિકસી, તેમ તેમ વીજળીની માંગ વધી છે. સાધારણ મોબાઇલ ફોનના ઉત્પાદનમાં કે તેની બૅટરીમાં વીજળીની એટલી જરૂર પડતી ન હતી, જેટલી સ્માર્ટફોનમાં પડે છે. એ જ રીતે વિન્ડોઝમાં એટલી વીજળીની જરૂર નથી પડતી, જેટલી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) કે વર્ચ્યુઅલ રિઆલિટી (વીઆર) પાછળ ખર્ચાય છે. એક તરફ એઆઈની ટૅક્નૉલૉજી તમામ ક્ષેત્રોમાં ખૂબ ઝડપથી પ્રસરી રહી છે, તો બીજી બાજુ એની પાછળ વીજળીની જરૂરિયાત પણ ખૂબ વધી ગઈ છે.

હમણાં પ્રગટ થયેલા એક અહેવાલ મુજબ તો ચૅટજીપીટીના ૨૦ કરોડ ગ્લોબલ યુઝર્સ છે અને આ ટૅક્નૉલૉજી પાછળ દરરોજ પાંચ લાખ કિલોવૉટ્સથી વધુ વીજળી ખર્ચાય છે. અમેરિકામાં દરરોજ સરેરાશ એક ઘરમાં ૨૯ કિલોવૉટ્સ વીજળી વપરાય છે. બીજી તરફ એક એઆઈ ચૅટબોટને ચલાવવા માટે પાંચ લાખ કિલોવૉટ્સ વીજળીની ખપત થાય છે. ગણતરી માંડીએ તો ચૅટજીપીટીને દરરોજ એક અમેરિકન પરિવાર કરતાં ૧૭ હજાર ગણી વધારે વીજળીની જરૂર પડે છે. એવોય અંદાજ બાંધવામાં આવ્યો છે કે આજની તમામ ટૅક્નૉલૉજી કંપનીઓએ તેમની પ્રોડક્ટમાં એઆઈ ટૂલ ઉમેરે તો તેમને વર્ષે ૨૯ અબજ કિલોવૉટ્સ વીજળીની જરૂર પડે.

૨૦૨૭ સુધીમાં મોટી ટૅક્નૉલૉજી કંપનીઓ જે વીજળીનો એઆઈ પાછળ વાર્ષિક



ખર્ચ કરતી હશે, એનો જથ્થો હશે - ૧૩૪ ટેરાવૉટ્સ. હકીકતમાં તો અત્યારે જ ટૅક્-જાયન્ટ્સ કંપની વીજળીનો મોટો જથ્થો વાપરે છે. જેમ કે, સેમસંગને વર્ષે ૨૩ ટેરાવૉટ્સ વીજળીની જરૂર પડે છે, તો ગૂગલ ૧૦ ટેરાવૉટ્સ વીજળી ખર્ચ કરે છે ને માઈક્રોસૉફ્ટને ૧૨ ટેરાવૉટ્સ વીજળીનો ખપ પડે છે. એ સ્વીકારીએ કે વીજળીની માતબર ડિમાન્ડની સાથે સાથે આ ટૅક્ કંપનીઓ કરોડો નોકરીઓનું સર્જન કરે છે. કરોડો લોકોને ટૅક્નૉલૉજી કંપનીઓના કારણે સીધી કે આડકતરી રોજગારી મળે છે, પરંતુ એઆઈ પાછળ જે વીજળીનો આટલો બધો જથ્થો ખર્ચાઈ જશે એના કારણે ભવિષ્યમાં કરોડો લોકોને વીજળીની ગંભીર અછતનો સામનો કરવો પડશે. એની શરૂઆત તો અત્યારથી જ થઈ ચૂકી છે. અમેરિકામાં મોટી ટૅક્-કંપનીઓનાં હેડક્વાર્ટર્સ અને ડેટા સેન્ટર્સ છે એટલે સૌથી પહેલી અસર અમેરિકાને જ થઈ છે.

એકાદ-બે મહિના પહેલાં અમેરિકાનાં અનેક રાજ્યોમાં વીજળીની ગંભીર અછત થતાં અંધારપટનું જોખમ સર્જાયું હતું. વીજપુરવઠાની કંપનીઓએ જણાવ્યું હતું કે અમેરિકામાં આવી સ્થિતિ અગાઉ ક્યારેય થઈ નથી. ડેટા સેન્ટર અને ટૅક્નૉલૉજીની કંપનીઓમાં વીજળીની જરૂરિયાત વધતાં વીજળીની માગમાં ઉછાળો આવ્યો છે. એમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટૅક્નૉલૉજી પાછળ જે વીજળી વપરાવા માંડી છે તેનો જથ્થો સૌથી વધારે છે.

ગૂગલ, મેટા, માઈક્રોસૉફ્ટ, એમેઝોન સહિતની કેટલીય મોટી કંપનીઓમાં વીજળીની માગ ખૂબ વધી છે. અમેરિકન સરકારે આ કંપનીઓને પોતાના પાવર પ્લાન્ટ બનાવવાની તાકીદ કરી છે, પણ એ શક્ય નથી. ટૅક્-કંપનીઓ માટે એ પ્રોજેક્ટ ખર્ચાળ સાબિત થાય તેથી આ કંપનીઓએ અન્ય દેશોમાં ડેટા સેન્ટર બનાવવા વિચારણા શરૂ કરી છે. વીજળી ઉત્પાદક કંપનીઓના કહેવા પ્રમાણે ક્રિપ્ટો

માઈનિંગમાં પણ વીજળીની પુષ્કળ જરૂર પડે છે ને ડેટા સેન્ટર સતત ધમધમતાં હોવાથી વીજળીનો પુરવઠો જરૂરી બની જાય છે. જ્યોર્જિયાના પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ જેસન શોના કહેવા પ્રમાણે અગાઉ અમેરિકામાં ક્યારેય આવું થયું નથી. આટલી હદે વીજળીની અછત સર્જાયાનું જોવા મળ્યું નથી. હવે જે વીજળીની અછત છે એનાથી કેટલાંય રાજ્યોમાં વીજ-કટોકટી સર્જાશે અને અંધારપટની પરિસ્થિતિનું નિર્માણ થશે. તેમણે કહ્યું કે જ્યોર્જિયામાં જ છેલ્લા એક દશકામાં વીજળીની ડિમાન્ડ ૧૭ ગણી વધી ગઈ છે.

આ અછતને પહોંચી વળવા અમેરિકન વીજ ઉત્પાદક કંપનીઓને સરકારે તાકીદ કરી છે અને વીજળીનો જથ્થો જરૂરિયાત મુજબ જ ટૅક્નૉલૉજીને આપવા કહેવાયું છે. વીજળીની અછતના કારણે એક એવું પણ જોખમ છે કે આગામી દિવસોમાં વીજળી વધારે મોંઘી થશે. તેનાથી સામાન્ય નાગરિકોના ઘરનું બજેટ ખોરવાશે અને તેમને ઘરની વીજળીનું બિલ મોંઘું પડશે. ટૅક્ કંપનીઓ વધુ ભાવ આપીને વીજળી ખરીદે લેશે એટલે આખરે કંપનીઓ પણ તેમને વીજળી આપવાને પ્રાધાન્ય આપશે. એક શક્યતા એવી પણ છે કે ટૅક્-કંપનીઓમાં જે એઆઈ ટૅક્નૉલૉજી પર કામ કરે છે તેમના પર વીજળીમાં જુદો ટૅક્સ લગાડવો. જો એમ થશે તો એઆઈ ટૅક્નૉલૉજી મોંઘી થશે. પણ કંપનીઓ વધારે ટૅક્સ ચૂકવીને પણ વીજળીનો જથ્થો મેળવશે એટલે સામાન્ય નાગરિકોને મળતો જથ્થો ઘટશે.

ઇન્ટરનેશનલ એનર્જી એજન્સીના કહેવા પ્રમાણે ૨૦૨૨માં અમેરિકાનાં ૨૭૦૦ જેટલાં ડેટા સેન્ટરમાં કુલ વીજળીનો ૪ ટકા જથ્થો વપરાયો હતો. ૨૦૨૬ સુધીમાં આ જથ્થો વધીને છ ટકા થશે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે ડેટા સેન્ટરમાં જ વીજળીનો મોટો જથ્થો ખર્ચાઈ જાય છે. અમેરિકામાં ડેટા સેન્ટરની સંખ્યા ઝડપભેર વધી રહી છે. ૨૦૩૫ સુધીમાં માત્ર અમેરિકામાં એક લાખ ડેટા સેન્ટર ધમધમતાં હશે અને તેમાં મોટી માત્રામાં વીજળી જોઈશે. એને પહોંચી વળવા અત્યારથી જ પગલાં ભરવાં પડશે.

મોટી ટૅક્ કંપનીઓ અત્યારે આર્થિક રીતે ઊભરતા દેશોમાં ડેટા સેન્ટર્સ અને સર્વર બનાવવાનું આયોજન કરી રહી છે. આ કંપનીઓ માટે ભારત જેવા દેશો બહુ જ અનુકૂળ છે. અત્યારે વિદેશી કંપનીઓને આવકારવાની ભારતની પૉલિસી છે અને તેના કારણે ભારતના ટૅક્-એક્સપર્ટ્સને નોકરીઓ મળશે, પરંતુ તેમાં વીજળીનો મોટો જથ્થો જોઈશે. જ્યારે દેશમાં ઉનાળો આવે છે ત્યારે વીજવપરાશ વધી જાય છે અને ઘણાં શહેરોમાં વીજળીની અછત સર્જાય છે. ટૅક્-કંપનીઓ ભારત જેવા દેશોમાં એઆઈ ટૅક્નૉલૉજીના યુનિટ બનાવે, તો આ અછત વિકટ સ્વરૂપ ધારણ કરી શકે છે. અત્યારે દુનિયામાં જેનો ક્રેઝ છે તે એઆઈ ટૅક્નૉલૉજી જગતમાં મોટી વિદ્યુત કટોકટી નોતરે, તો નવાઈ પામવા જેવું નહીં હોય.

**- હર્ષ મેસવાણિયા**

# માતાપિતાને હું નમું




અનુભવોનું ભાથું લઈને જીવતો અને જીવી જતો મનુષ્ય પરાપૂર્વથી કોઈ ને કોઈ બાબતે કે વસ્તુઓથી પ્રભાવિત થતો આવ્યો છે. ખાસ કરીને ધાર્મિક ગ્રંથો અથવા વિચારોના પરિશીલનથી જન્મતા અસરકર્તા શબ્દો પણ તેને સ્પર્શી જતા હોય છે. આજના ડિજિટલ યુગમાં પુસ્તકોના અસ્તિત્વ પર ખતરો મંડાઈ રહ્યો છે; છતાં રણમાં વીરડી સમાન કેટલાંક પુસ્તકો વિચાર-ક્રાંતિ લાવી શકે છે; ભલે લીલા દુકાળની જેમ તે ધોધમાર વરસતાં નથી પરંતુ જળપ્લાવિત વાદળીઓ રિમઝિમ વરસીને આપણને તૃપ્ત કરી જાય છે તેમ કેટલાંક સહજ શાતાદાતા પુસ્તકો સમાજ સમસ્તમાં ચહલપહલ મચાવી જાય છે. અમદાવાદના ‘તત્ત્વતીર્થ’ અધ્યાત્મ વિદ્યામંદિરના પૂજ્ય સ્વામી વિદિતાત્માનંદજીની નિશ્રામાં પૂજ્ય સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી દ્વારા આત્મસાત્ થયેલ અને લિખિત ‘માતાપિતાને હું નમું’ નામક ગરવું અને નરવું પુસ્તક ન માત્ર વસાવવા જેવું છે, પરંતુ એને હૈયે ચાંપીને એનાં આવર્તનોને પ્રસરાવવાનું નેક કામ કરવા જેવુંય છે.

આમ તો એમ કહેવાય કે સાધુ-સંતો તો સાધનામાં લીન રહેતા હોય. એમને સમાજના વ્યાવહારિક પ્રશ્નોમાં શું રસ હોઈ શકે ? પણ સત્ય તો એ છે કે સંતકોટિના મનુષ્યોને જ સ્વસ્થ-તંદુરસ્ત સમાજની ચિંતા છે. ‘સૌથી મોટો માનવધર્મ’નો નારો જ માત્ર લગાવવાનો નથી. માનવકલ્યાણની ભાવના જેનામાં છે તે સંત હોય કે સંસારી - બધાનું શ્રેય, સૌનું કલ્યાણ ઈચ્છી ‘કલ્યાણમસ્તુ’નો સંદેશો ફેલાવવા તત્પર હોય છે. સંત કોટિનાં આ સન્નારીએ માત્ર સાધુત્વનો નહિ, પરંતુ સાધુવાદનો પણ સ્વીકાર કર્યો છે. આ સાધ્વીજી-યોગિનીએ ઝીણી આંખે કરેલાં પરીક્ષણ-નિરીક્ષણ બાદ સર્જન-લેખન, સંકલન, સંપાદન, ઉમેરણ કરીને અંતે વહેંચણનું પવિત્ર કર્મ બજાવ્યું છે. પોતાના આ મૌલિક પ્રકલ્પને પ્રયોજવા એમણે એ વિષયને આનુષંગિક પ્રસંગો લીધા છે, ખાસ માનવીઓની નોંધ લીધી છે અને પ્રાચીનથી માંડીને અર્વાચીન સાહિત્યને પણ ટાંક્યું છે. વેદ, પુરાણો, મહાકાવ્યોમાંથી પ્રસ્તુત વિષયને ચિત્તે ધરી એનું અનુરૂપ ચયન કર્યું છે.માનવસેવાને પ્રાધાન્ય આપી એમણે સમાજની અનેક વિકૃતિઓમાંથી એક પર ધ્યાન કેન્દ્રિત કરી એને માટેના ઉપાયો વાચકો સમક્ષ મૂકી આપ્યા છે. સંસારથી ભાગીને નહિ, વરવાં રૂપને ભાંગીને, નાશ કરીને ઉદાહરણરૂપ ઊંડું ચિંતન કરનાર આ સ્વામિનીજીને એ વાત કેટલી કઠી હશે કે સમાજમાં વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જ જાય છે. એમાં પ્રવેશ લેવો વડીલો માટે દુષ્કર થતો જાય છે અને નગુણાં સંતાનોની

માતાપિતા તરફની નફરત વધતી જાય છે. પોતાને મળવા આવેલાં એક વરિષ્ઠ નાગરિક - માતાતુલ્ય સંબંધીની દ્વિધાએ એમને વિચારતાં કરી દીધાં.

સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજીએ પછી પાછું વાળીને જોયું નહિ. પ્રસ્તુત પુસ્તક એમના મનોમંથનનું દર્પણ છે. સમાજમાં આસપાસ, વર્તમાનપત્રો-ટી.વી.ના અહેવાલો અને કેટલીક ફિલ્મોમાં લેવાયેલી વાર્તાઓમાં નિરૂપાયેલા કરુણ પ્રસંગોમાંથી કેટલાક અહીં ટાંકીને એમણે પેઢીઓ વચ્ચે ખાઈની જેમ સર્જાયેલા અવકાશને કેમ કરીને ભરી દઈએ તો સોનાનો સૂરજ ઊગે - એ અંગે વિચારો કર્યા, ઉપાયો વિચાર્યા. સીધો બોધ તો કોને ગમે ? તેમણે માતાપિતા અને સંતાનો વચ્ચેના વૈમનસ્યને ખાળવા કલમ હાથમાં લીધી. લેખિકાને આ રીતે માતાપિતા રૂપી દેવોની આરાધના કરવાની તક મળી તેની તેમને ખુશી છે. વૈદિક જીવનદર્શન, પતિપત્નીમાં સંવાદિતા, વિવેકપૂર્ણ જીવન આ બદીનો નાશ કરી દેશે એવી એમને શ્રદ્ધા છે. કવિ દલપતરામના કાવ્ય ‘માને દેખી બહુ હરખાઉં’ ગાતા દીકરાને એ જ માતા પછીથી કેમ દીઠીય નથી ગમતી એ મુદ્દો દિલથી ઉજાગર કર્યો છે. ‘પા રક્ષણે’ ધાતુ પરથી બનેલ શબ્દ પિતા, તાત અને જનક પણ કહેવાય છે. એ બાળકનું ભાવવિશ્વ માની મમતાની પેઠે જ ભર્યું ભર્યું કરી તેને જીવનમાં સ્થિર કરવા પ્રેરે છે - તો પછી એ કેમ ઉવેખાય છે ? શાને કાજે એને પાઈ પાઈ સારુ વલખાં મારવાં પડે છે ? સંતાનોના અને માતાપિતાના ધર્મ, માતાપિતાની પૂજા - આ બધું શું સ્વપ્નમાં જ રહ્યું ?

આમ તો જન્મથી જ મનુષ્ય પિતૃઓનો દેવાદાર હોય છે તે શું માત્ર પિંડદાન, તર્પણ અને શ્રાદ્ધ સુધી જ સીમિત છે ? એના ઉપકારો માટેની કૃતજ્ઞતા ગાયબ છે તેને સમજાવવા આ પ્રબુદ્ધ લેખિકા પોતાનું આખું મનોજગત, ભારતીય સંસ્કૃતિ - પરંપરા, ધર્મદર્શન અને સમગ્ર સાહિત્ય ધમરોળી નાખે છે. ‘કેમ કરીને સમાજ સ્વસ્થ થાય, આનંદ મંગળ વરતાય’ એ જ એમની આંતરિક મનીષા છે. દીકરા જેટલી જ જવાબદાર દીકરીને પણ આ યોગિનીજીએ સ્મરીને કહ્યું, ‘તને તો કાળજા કેરો કટકો’ કહીને પિતા તારી વિદાય ટાણે કવિ દાદને યાદ કરીને બોલી પડેલા કે ‘લૂંટાઈ ગયો મારો લાડ ખજાનો’...તો, ટાણે એ ખજાનો ક્યાં અને કેમ ગુલ થઈ ગયો, બેટા ?

લેખિકાએ પોતાની સરળ શૈલીમાં ગદ્ય અને પદ્ય - બંને માધ્યમમાં પોતાના વિચારો વિનમ્રતાપૂર્ણ નિરૂપ્યા છે. ચાણક્ય, બોટાદકર, રવીન્દ્રનાથ ટાગોર, બેટાઈ, સુંદરમ્, સંત પુનિત, પ્રેમાનંદ, ન્હાનાલાલ, રંગ અવધૂત મહારાજ અને અનેક સર્જકોનાં ઉત્તમ સર્જન પુસ્તકમાં વણી લીધાં છે અને પોતાની વાતની પુષ્ટિ કરી છે. તેમણે પોતે તો ‘માતાપિતાની આરતી’ સશબ્દે ઉતારી છે જે ભારોભાર સાર્થ છે. જન સમસ્તની ચિંતા વહોરી કરેલા મંથનનું નવનીત એ છે કે આ પુસ્તકની સંવર્ધિત આવૃત્તિ સહિત એની સોળહજાર પ્રતો થઈ છે (હજી વધશે). કારણ ? આ પુસ્તકે સમાજના અગ્રણી ચિંતકોને આકર્ષ્યા છે. સૌરાષ્ટ્રના પુસ્તક વહેંચનાર, પ્રતાપભાઈ દવેએ આ પુસ્તક મેળવ્યું અને બસ, પછી તો ચમત્કાર ! પ્રતાપભાઈ અને અન્ય સેવકોએ ધૂણી ધખાવીને આ પુસ્તકવહેંચણીનું કામ યુવાવર્ગમાં કર્યું. પરિણામ સ્વરૂપ અનેક વૃદ્ધાશ્રમોમાંથી વડીલોને તેમનાં બાળકો ઘરે પાછાં લઈ ગયાં. પ્રાયશ્ચિત્ત રૂપે એ મુહિમ જાણે કે ઉપાડી લીધી

અને એમને પગલે આવાં અનેક ઉદાહરણો સમાજમાં નોંધાયાં છે અને માતાપિતાની આંતરડી ઠરી છે. ખોટે રસ્તે જનાર પાછાં વળે એનાથી રૂડું બીજું શું ? આ પ્રયત્નો વધુ સફળ થાય, સમૂળી ક્રાંતિ આવે અને આપણો પ્રાચીન વારસો - જે વિશ્વમાં અલભ્ય છે તેની જય થાય ! આ પુસ્તક નિમિત્તે પૂ. સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી અને પૂ. સ્વામી વિદિતાત્માનંદજીને અભિનંદન સહ વંદન.

**– સુધા ભટ્ટ**

---

## ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત થયેલો કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ચંદ્રક

અગ્રણી સંશોધકો અને વિવેચકોને અપાતો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક ડૉ. કુમારપાળ દેસાઈને એકત્રીસમી માર્ચ ને રવિવારે એનાયત કરવામાં આવ્યો. આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને આચાર્યશ્રી વિજયનંદીઘોષસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં આ પ્રસંગ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રારંભે શ્રી હેમચંદ્રાચાર્ય ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી પંકજભાઈ શેઠે સહુનું સ્વાગત કર્યું. એ પછી ડૉ. બળવંત જાનીએ કુમારપાળ દેસાઈનાં સાહિત્યિક પ્રદાનની સાથોસાથ એમના મધ્યકાલીન સાહિત્યનાં મહત્ત્વનાં પુસ્તકોની વાત કરી. ચારસો હસ્તપ્રતોના ઊંડા અભ્યાસ પછી મહાયોગી આનંદઘન વિશે કરેલું સઘન સંશોધન સહુને માર્ગદર્શકરૂપ બની રહ્યું છે, તેમ કહ્યું. જ્યારે જાણીતા ન્યુરોસર્જન ડૉ. સુધીર શાહે એમની સાહિત્યસેવાની સાથોસાથ એમની સમાજસેવા અને વહીવટી કાર્યકુશળતાનાં દૃષ્ટાંતો આપ્યાં અને કુમારપાળભાઈના સાત ક્ષેત્રોના કાર્યને દર્શાવીને તેમને સાત અશ્વરથ પર સવારી કરતા બહુમુખી પ્રતિભાવાન વ્યક્તિ તરીકે ઓળખાવ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ સાહિત્ય, પત્રકારત્વ અને સ્પૉર્ટ્સ જેવા વિષયોમાં એમણે મેળવેલી સિદ્ધિ જોઈને કહ્યું કે, 'તેઓ જુદા જુદા ખડિયા રાખે છે અને તેમાં કલમ બોળીને અધ્યાત્મ, સાહિત્ય, પત્રકારત્વ, સ્પૉર્ટ્સ જેવા વિષયો પર લખે છે.' ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કહ્યું કે, 'આજે કોઈ ઋષિમંદિરમાં બેઠા હોઈએ એવું લાગે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના નામ સાથે જોડાયેલો આ ચંદ્રક યોગ્ય વ્યક્તિને મળે છે, તેનો આનંદ છે.' જ્યારે પી. કે. લહેરીએ કહ્યું કે, 'ગુજરાતી વિશ્વકોશ સાથે એમણે ગુજરાતી લૅક્સિકનનો સમન્વય સાધીને ગુજરાતી ભાષાને વિશ્વવ્યાપી સ્તર પર મૂકી આપી છે. એમની પાસે સમન્વયનિષ્ઠા છે તો એની સાથોસાથ સત્યનિષ્ઠા પણ છે.' કુમારપાળ દેસાઈએ એમના જીવનઘડતર અને સાહિત્યિક પ્રદાનમાં સહયોગ આપનારી વ્યક્તિઓની વાત કરી હતી તથા એમણે કરેલાં સંશોધનોનો ખ્યાલ આપ્યો હતો. જ્યારે આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે, 'મારા પ્રારંભકાળનાં લખાણો હું કુમારપાળભાઈને બતાવતો હતો અને એમનાં સૂચનો પણ મેળવતો હતો. એમના પુસ્તક 'એકાંતે કોલાહલ'ના શીર્ષકે મને ભીતરમાં ડોકિયું કરવાની તક આપી.' જ્યારે વિજયનંદીઘોષસૂરીશ્વરજી મહારાજે ડૉ. કુમારપાળ દેસાઈની સંશોધનસેવા અને એથીયે વિશેષ જૈનદર્શનનાં કાર્યને અદ્વિતીય ગણાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રમજાન હસણિયાએ સુપેરે કર્યું હતું અને વિશાળ સંખ્યામાં સાહિત્યકારો, સંસ્થાઓના વડાઓ, સંશોધકો અને અભ્યાસીઓ સહુ કોઈ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# બહુઆયામી અન્વેષક

આયુષ્યના ૮૮મા વર્ષને ઉંબરે ઊભેલા ભારતીય સંસ્કૃતિના એક વિદ્વાનને આજીવન સંશોધન અને લેખનનો ભેખ ધરવા બદલ પોતાના જ ગુરુવર્ય સ્વ. રસિકલાલ છો. પરીખ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવે, એ એક અનન્ય ઘટના નહીં, તો બીજું શું ? કદાચ આ સમાચારથી સાનંદ આત્મગૌરવની લાગણી જરૂર અનુભવાઈ હશે, પણ ચહેરા પર એ જ ધીર-ગંભીર ભાવ સાથે નિર્લેપતા જોવા મળી.

આ વાત છે ગુજરાત વિશ્વકોશના એક ખૂણે બેસીને સતત લેખન-સંશોધનકાર્યમાં મગ્ન રહેતા ડૉ. પ્રવીણચંદ્ર પરીખની. ઇતિહાસ, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન અને પ્રાચીન લિપિવિદ્યાના સંશોધનમાં જેમનું નામ પ્રથમ પંક્તિમાં મૂકી શકાય એવા પ્રખર સંશોધક, લેખક, વિદ્વાન, વિદ્યાર્થીપ્રિય પ્રાધ્યાપક અને વિચારશીલ માર્ગદર્શક એવા ડૉ. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખને ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા 'સ્વ. શ્રી રસિકલાલ છો. પરીખ સુવર્ણચંદ્રક' અને સન્માનપત્રથી ૩૦ માર્ચ, ૨૦૨૪ના રોજ સન્માનિત કરવામાં આવ્યા.

૨૬ માર્ચ, ૧૯૩૭માં ખેડામાં જન્મેલા પ્રવીણચંદ્ર પરીખ બહુશ્રુત વિદ્વાનોમાં ડૉ. પી. સી. પરીખ તરીકે જ ઓળખાય છે. અમદાવાદની ૧૯૫૫માં શરૂ થયેલી રામાનંદ મહાવિદ્યાલય(હાલની શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ)માં ચાર વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૫૯માં ભારતીય સંસ્કૃતિ વિષય સાથે પ્રથમ વર્ગમાં બી.એ. થયા અને ગુજરાત યુનિવર્સિટીથી ૧૯૬૧માં શેઠ સી.એલ.મહેતા સુવર્ણચંદ્રક સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવી અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી. પહેલેથી જ ઇતિહાસ-સંસ્કૃતિના સંશોધનમાં વિશેષ અભિરુચિ હોવાથી ગુજરાતના ઇતિહાસના પ્રખર સંશોધક એવા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના માર્ગદર્શનમાં એલ.ડી. ઇન્ડોલૉજીની ત્રણ વર્ષની સ્કૉલરશિપ સાથે 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ વિકાસ' અંતર્ગત સઘન સંશોધન હાથ ધરી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. એ પછી સમયાંતરે એમની આ થીસિસને ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ કવિશ્રી ઉમાશંકર જોશીએ શ્રેષ્ઠ સંશોધન તરીકે પસંદ કરી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરી.

ડૉ. પી. સી. પરીખે પોતાની અધ્યાપન કારકિર્દી રાજકોટની માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજથી ભારતીય સંસ્કૃતિના પ્રાધ્યાપક તરીકે શરૂ કરી. વિદ્યાર્થીઅવસ્થા અને અધ્યાપનનાં વર્ષો દરમિયાન અનેક ઉત્તમ વિદ્યાપુરુષોની નિશ્રામાં સંશોધનકાર્યો કરવાની ઉત્તમ તક સાંપડી; જેમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, રસિકભાઈ પરીખ, કે. કા. શાસ્ત્રી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રિયબાળાબહેન શાહ, ડોલરરાય માંકડ વગેરે મુખ્ય હતાં. સંસ્કૃત, પ્રાકૃત, લિપિવિદ્યા, ધર્મ-તત્ત્વજ્ઞાન તથા પુરાતત્ત્વના સંશોધનકાર્યમાં તેઓ સતત રમમાણ રહ્યા. લોથલના ટીંબાના ખોદકામના તેઓ સાક્ષી રહ્યા છે. એથી પુરાતત્ત્વના સંશોધનની એમની સૂઝ આગવી છે. ૧૨ વર્ષના સ્નાતક અને અનુસ્નાતક અધ્યાપન બાદ ડૉ. પરીખને અમદાવાદની બહુમૂલ્ય



**ગુજરાત ઈતિહાસ પરિષદના ઉપક્રમે ડૉ. મકરન્દ મહેતા અને શ્રી પી. કે. લહેરીસાહેબના હસ્તે ડૉ. પી. સી. પરીખસાહેબને 'સ્વ. રસિકલાલ છો. પરીખ સુવર્ણચંદ્રક'થી સન્માનિત કરવામાં આવ્યા**

સંશોધન સંસ્થા ભો. જે. વિદ્યાભવનમાં એમના જ વિદ્યાગુરુ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીસાહેબના સાંનિધ્યમાં પ્રાધ્યાપક-સંશોધક તરીકે કામ કરવાની તક મળી. એ વર્ષોમાં તેઓ અનેક વિદ્યાર્થીઓનાં સંશોધનકાર્યોના માર્ગદર્શક પણ બની રહ્યા. ઈતિહાસ, મૂર્તિવિજ્ઞાન, સિક્કાશાસ્ત્ર, ચિત્રકલા અને કાલગણના જેવાં સંશોધનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં ૭ જેટલા વિદ્યાર્થીઓએ અંગ્રેજી, હિંદી અને ગુજરાતી ભાષામાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

ભો. જે. વિદ્યાભવનના ગુજરાત ઈતિહાસલેખનના નવ ગ્રંથોમાં ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ પ્રમાણભૂત રીતે લખાયો છે. સલ્તનત કાલથી માંડીને આઝાદી સુધીનો ગુજરાતનો જે પ્રમાણભૂત ઈતિહાસ આલેખાયો છે એમાં ડૉ. પી. સી. પરીખે કેટલાંક પ્રકરણોમાં ઘણું ઝીણું કાંત્યું છે. આથી જ ગુજરાત સરકાર દ્વારા 'ભારતનું ગૅઝેટિયર'નું લેખનકાર્ય પણ એમને જ સોંપાયું હતું. એમની કલમે લખાયેલા સંશોધનગ્રંથોમાં 'ભારતીય સિક્કાશાસ્ત્ર', 'પ્રાચીન ભારતીય શિલ્પકલા', 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' સહિત અંગ્રેજી ભાષામાં ૧૮ ગ્રંથો, સંસ્કૃતમાં ૬, હિંદી ભાષામાં ૩ એમ કુલ ૪૮ ગ્રંથો આપણને મળ્યા છે. તેઓએ 'ભારતીય સંસ્કૃતિની ઝલક' જેવું ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે જે પુસ્તક લખ્યું છે એના છેલ્લા પ્રકરણમાં ભારતની સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિ અંગે જે અવલોકન નોંધ્યું છે એ એમની ભારતીય સંસ્કૃતિને નીરખવાની માર્મિક, સૂક્ષ્મ અવલોકનદૃષ્ટિનું પરિણામ છે.

જીવનના સાઠમા વર્ષે તેઓની તિતિક્ષાવૃત્તિ એવી તો પ્રબળ બની કે સર્વ સુખ-વૈભવ છોડી પ્રણામી સંપ્રદાય અને દાદા ભગવાનપ્રેરિત તત્ત્વજ્ઞાનને શરણે અધ્યાત્મને માર્ગે વીતરાગ ભાવ કેળવી લીધો. વળી સૂરત, જામનગર અને મુંબઈમાં રહીને 'પુષ્ટિમાર્ગ' તથા 'પ્રણામી દર્શન' તથા દાદા ભગવાનપ્રેરિત 'વીતરાગ દર્શન' સામયિકોના સંપાદનકાર્ય દ્વારા એમણે ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે બહુઆયામી પ્રદાન કર્યું છે.

નિઃસ્વાર્થ સેવાપરાયણતા એ એમનો આંતરિક ઉદીપ્ત ભાવ છે એથી જ પ્રત્યેક વિદ્યાર્થીના મનમાં એમની ઉમદા છબી કંડારાયેલી છે.

**– સુભાષ બ્રહ્મભટ્ટ**

# નિરક્ષર લહરીબાઈની બીજબૅંક


લહરીબાઈ

૨૦૨૩ના વર્ષને ભારતના સૂચનથી યુનેસ્કો દ્વારા 'ઇન્ટરનેશનલ યર ઑફ મિલેટ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી ઘઉં, ચોખાને મુખ્ય અનાજ તરીકે ઓળખતા સહુને મિલેટ વિશે ઝાઝી જાણકારી નહોતી અને મિલેટમાં બહુ બહુ તો બાજરી અને જુવારનો સમાવેશ કરતા, પરંતુ મિલેટમાં અનેક પ્રકારના અનાજનો સમાવેશ થાય છે. 'મિલેટમૅન ઑફ ઇન્ડિયા' તરીકે ઓળખાતા આંધ્રપ્રદેશના ડૉ. ખાદર વલી છેલ્લાં વીસ વર્ષથી મિલેટ વિશે સંશોધન, પ્રચાર અને પ્રસાર કરે છે. જ્યારે આદિવાસી જાતિના ભોજનમાં તો મિલેટ જ મુખ્ય હોય છે. આજે બૈગા આદિવાસી જાતિની લહરીબાઈ મિલેટની બ્રાંડ ઍમ્બેસૅડર છે.

મધ્યપ્રદેશના બૈગા આદિવાસીસમુદાયને વિશેષ રીતે પછાત આદિવાસીસમૂહ માનવામાં આવે છે. મધ્યપ્રદેશના ડિંડોરી જિલ્લાના સિલ્પિદી ગામમાં લહરીબાઈનો જન્મ થયો હતો. તેનાં દાદી પાસેથી મિલેટ ખાવાથી શું ફાયદા થાય છે તે વિશેની જાણકારી મેળવી. તેના પૂર્વજો ખેતી કરતા અને બીજનો સંગ્રહ કરતા એ જોઈને મોટી થયેલી લહરીબાઈને બીજ એકત્ર કરવામાં અનોખો આનંદ આવતો હતો. આમેય આ જનજાતિ પાસે પેઢી દર પેઢી પ્રાપ્ત થતું પર્યાવરણ અને જૈવ વિવિધતાનું વિશેષ જ્ઞાન હોય છે, દાદી પાસેથી પ્રેરણા મેળવીને અઢાર વર્ષની લહરીબાઈ બીજ એકત્ર કરવા લાગી. તે આસપાસનાં ગામોમાં જઈને જંગલો અને ખેતરોમાંથી બીજ એકઠાં કરતી. ક્યારેય સ્કૂલે ન ગયેલી અને ઉંમરમાં નાની એવી લહરીબાઈને બીજ એકઠાં કરતી જોઈને લોકો એની મશ્કરી કરતા અને મજાક કરતાં પૂછતા કે આ બીજ શા માટે એકઠાં કરે છે ? તેથી એ બધાને ખબર ન પડે તે રીતે બીજ એકઠાં કરવા લાગી. આજે ૨૭ વર્ષની લહેરીબાઈ પાસે દોઢસો પ્રકારનાં બીજની એક બીજબૅંક બની ગઈ છે. એમાંનાં કેટલાંક બીજ તો એવાં છે કે જેની ઓળખ માત્ર આ સમુદાયના બુઝુર્ગો જ કરી શકે છે.

લહરીબાઈ ગામમાં બે રૂમના માટીના મકાનમાં રહે છે, જેમાંથી એક રૂમમાં એણે બીજ રાખ્યાં છે અને બીજા રૂમમાં પોતે અને તેનાં માતા-પિતા રહે છે. લહરીબાઈની

માતા ચેતીબાઈને છ પુત્રી અને પાંચ પુત્ર એમ કુલ અગિયાર સંતાનો હતાં, તેમાંથી નવ સંતાનો મૃત્યુ પામ્યાં છે. એક પુત્રીનાં લગ્ન થઈ ગયાં છે અને લહરી થોડીઘણી ખેતી કરીને માતા-પિતાની સેવા કરે છે. આજે લહરીના જીવનના બે મુખ્ય ઉદ્દેશ છે. એક માતા-પિતાની સેવા કરવી અને બીજું, બીજબૅંકનો વિકાસ કરવો. એણે બીજને સાચવવા માટે માટીની મોટી મોટી કોઠીઓ વસાવી છે, જેમાં બીજ લાંબા સમય સુધી સુરક્ષિત રહી શકે. એના બીજા રૂમમાં એક ખૂણામાં કપડાં સુકાતાં હોય તો તેના બીજા ખૂણામાં ચૂલો અને થોડાં વાસણ પડ્યાં હોય. મહિને લગભગ ત્રણ હજાર જેટલી આવકમાં લહરીબાઈ ગુજરાન ચલાવે છે.

એના દોઢસો પ્રકારનાં બીજમાં કાંગની ચાર પ્રજાતિ - ભુરસા કાંગ, સફેદ કલકી કાંગ, લાલ કલકી કાંગ અને કરિયા કલકી કાંગ છે, તો બૈગા સલહાર, કાટા સલહાર અને ઍંઠી સલહાર મળે છે. ચાર પ્રકારના કોદો અને ચાર પ્રકારના મઢિયા છે. કુટકીની આઠ અને સાંભાની ત્રણ જાતિ મળે છે. તે કોદો અને કુટકીમાંથી પેજ નામનું પીણું બનાવે છે. આ ઉપરાંત બિદરી ખાસ, ઝુંઝુરુ, સુતરુ, હિરવા અને બૈગા રાહનાં બીજ પણ લહરીબાઈ પાસે છે. લહરીબાઈ પારંપરિક ખેતીને બચાવવા અને તેનો પ્રસાર કરવા માટે સતત પ્રયત્ન કરે છે. તેણે અત્યાર સુધીમાં સાડા ત્રણસો ખેડૂતોને બીજબૅંકમાંથી બીજ આપ્યાં છે. બૈકા ચાકનાં ચોપન ગામોમાં બીજ આપ્યાં છે. સમનાપુર, બજાગ અને કરંજિયાનાં ગામોમાં પણ ખેડૂતોને બીજ આપ્યાં છે. એ ગામડે ગામડે ફરીને ખેડૂતોને સમજાવે છે અને બીજ આપે છે. તેમના પાકનું ઉત્પાદન થઈ જાય એટલે તે બીજ જેટલો પાક ખેડૂતો પાસેથી પાછો લે છે. ઘણી વાર ખેડૂતો એક કિલો બીજની સામે દોઢ-બે કિલો પણ પરત આપે છે.

ડિંડોરી જિલ્લા કલેક્ટર વિકાસ મિશ્રાને જ્યારે લહરીબાઈના બીજ સંરક્ષણની માહિતી મળી, ત્યારે તેઓ એના ગામ ગયા અને બીજબૅંક જોઈ. તેમણે તેનું નામ જિલ્લાની બ્રાંડ ઍમ્બેસૅડર તરીકે જાહેર કર્યું અને ગણતંત્ર દિવસે કલેક્ટરની સાથે લહરીબાઈએ ધ્વજ ફરકાવ્યો. કલેક્ટરે એની વાત કેન્દ્ર સરકાર સુધી પહોંચાડી. લહરીબાઈની વિશેષતા એ છે કે એણે કોઈ સરકારી કે અન્ય કોઈની મદદ વિના આ બીજબૅંક ઊભી કરી છે. વિકાસ મિશ્રાએ જોધપુરમાં આવેલ ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચર રિસર્ચ સંસ્થામાં દસ લાખની સ્કૉલરશિપ માટે લહરીબાઈને અરજી કરી આપી છે. જો આ અરજી મંજૂર થશે તો લહરીબાઈ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકશે. મિલેટ એ પોષણનો ખજાનો છે. પાવરહાઉસ ઑફ ન્યૂટ્રિશન મનાતા મિલેટમાં પ્રોટીન, ફાઇબર અને પુષ્કળ વિટામિન્સ રહેલાં છે. ડાયાબિટીસના રોગમાં અને વજન ઉતારવામાં તે મદદરૂપ થાય છે. લહરીબાઈ જે સ્કૂલે નથી ગઈ તે આનું સંરક્ષણ કરવાનું સમજે છે. એ કહે છે કે આ તાકાતવાળું અનાજ છે. આ અનાજ ખાવાથી શરીર સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે અને દીર્ઘાયુષી બનાય છે.

**—પ્રીતિ શાહ**

# વનસ્પતિજન્ય ચામડું

ઉનાળાના બળબળતા દિવસો હોય કે પછી શિયાળાની ઠૂઠવાતી ઠંડી હોય; ઘરની બહાર નીકળતાં જ ચામડાનાં પગરખાં વગર ચાલે નહિ. યુગો પૂર્વે પગરખાં ફક્ત લાકડાનાં બનતાં હતાં જેને આપણે ચાખડી કે ખડાઉ તરીકે ઓળખીએ છીએ. આજના સખત રસ્તા પર તે કષ્ટદાયક બની રહે છે. હા, કપડાનાં કે પછી કૃત્રિમ ચામડાનાં એટલે કે સિન્થેટિક સામગ્રીનાં જૂતાં-ચપ્પલ ઉપલબ્ધ હોય છે. કૃત્રિમ ચામડાનાં જૂતાં કે પરિધાનથી કેટલાક લોકોને ઍલર્જી થવાનો પણ ભય રહે છે અને તે ચામડાનાં પગરખાં જેટલાં ટકાઉ પણ હોતાં નથી. ચામડાનાં જૅકેટ ઠંડીથી રક્ષણ આપે છે તો ચામડાના પટ્ટા, પાકીટ, પર્સ, બટવા વગેરે વ્યક્તિત્વને નિખારે છે. કુદરતી ચામડાનો કોઈ વિકલ્પ છે ખરો? આ માટે સિન્થેટિક ચામડું (!) ઊણું ઊતરે છે. વિજ્ઞાનીઓ ચામડાના વિકલ્પ શોધવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે અને તેઓ વનસ્પતિમાંથી ચામડા જેવી સામગ્રી બનાવવામાં સફળ રહ્યા છે.

આ 'વનસ્પતિજન્ય ચામડું' બનાવવાનો ઉદ્દેશ્ય ફક્ત આપણી સગવડ સાચવવાનો જ નથી, પરંતુ જાનવરોના ચામડાને કમાવવાની પ્રક્રિયા દરમિયાન થતા પ્રદૂષણને પણ ઓછું કરવાનો ઇરાદો છે. આમ તો કુદરતી રીતે મૃત્યુ પામેલાં જાનવરોની ખાલનો ઉપયોગ 'ચામડું' બનાવવા માટે કરવો જોઈએ, પણ ચામડાની વસ્તુઓની માંગને જોતાં, ચામડા માટે જાનવરોની હત્યા થતી હોવાની શક્યતા નકારી ન શકાય. માનવી દ્વારા પર્યાવરણને થતા નુકસાન તેમજ પોતાની લાલસાને લીધે પૃથ્વી પરથી જીવોની ઘણી પ્રજાતિઓ નાશ પામી છે. વનસ્પતિજન્ય ચામડાના આગમનથી અસલી ચામડાની ખપત ઓછી થશે અને પર્યાવરણની રક્ષાના હવનમાં સમિધ હોમાશે.

વીટીટી (VTT) ટૅક્નિકલ રિસર્ચ સેન્ટર ઑવ્ ફિનલૅન્ડના વિજ્ઞાનીઓએ શોધ્યું કે ફૂગના માઈસિલિયમમાંથી (Mycelium) ચામડા જેવી વસ્તુ બનાવી શકાય. ફૂગના તાંતણાના જાળાને માઈસિલિયમ કહેવાય છે. સામાન્ય સંજોગોમાં ભૂગર્ભમાં ફેલાતી આ જાળ ઝાડના સડેલા થડ પર પણ જોવા મળે છે. તે એકમાંથી અનેક થઈને ફેલાય છે. તેમાંથી બિલાડીના ટોપ (Mushroom) જેવી અપુષ્પ વનસ્પતિ પણ અંકુરિત થાય છે. સૈકાઓથી યુરોપમાં ફૂગ અને પોલિમરનો ઉપયોગ ચામડા જેવું કાપડ બનાવવામાં થતો આવ્યો છે. હવે પગરખાં, પર્સ, જૅકેટ, પટ્ટા વગેરે જેવી અસલી ચામડાથી બનતી વસ્તુઓ બનાવવા માટે વનસ્પતિજન્ય ચામડાનો ઉપયોગ કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વિજ્ઞાનીઓએ અનુભવ્યું કે આ વસ્તુઓના સ્પર્શની અનુભૂતિથી કે પછી



**રિશી મશરૂમ**

પરિધાનના દેખાવથી તે ‘અસલ’ જેવું જ લાગે છે. અસલ ચામડાની મજબૂતી અને ચમકનો ભાસ થાય છે.

ફિનલૅન્ડના વિજ્ઞાનીઓને આ નવી વસ્તુ અચાનક જ હાથ લાગી ગઈ. તેમણે જોયું કે દાળ, દૂધ, માખણ જેવી ખાદ્ય વસ્તુઓને બે ત્રણ દિવસ ઢાંકીને રાખી મૂકીએ તો તેમાં ફૂગની એક જાડી અને મજબૂત પરત બની જાય છે. બસ આ સામાન્ય લાગતી પ્રાકૃતિક પ્રક્રિયાને જોઈને વિજ્ઞાનીઓને વિચાર આવ્યો કે આ પરતમાંથી ચામડું બનાવીએ તો !

પશુઓની ખાલને ઉપયોગમાં લેતાં પહેલાં કમાવવી પડે છે. આ પ્રક્રિયાથી તે લાંબો સમય સુધી ટકે છે અને તેનું વિઘટન થતું નથી. આ માટે ક્રોમિયમ ક્ષારનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી ખાલ મુલાયમ પણ બને છે. આ ઉપરાંત તેમાં લજામણીનાં પાન અને શિંગોડાનો (ચેસ્ટનટ) પણ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વાપરવામાં આવતું ક્રોમિયમ - જે ક્ષારના રૂપમાં હોય છે તે – પર્યાવરણ માટે હાનિકારક છે માટે કમાવવાની પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતા કચરાનો પણ વ્યવસ્થિત નિકાલ કરવો પડે. આ પ્રક્રિયામાં ખાલમાં રહેલા ભેજ તેમજ ચરબીને પ્રવાહી સ્વરૂપમાં પરિવર્તિત કરીને તેમાંથી દૂર કરવામાં આવે છે. ચામડાની એકસરખી જાડાઈ રાખવા માટે તેમજ તેને રંગ ચઢાવવા માટે પણ ખાસ પ્રક્રિયા કરવામાં આવે છે.

પશુઓની ખાલને કમાવીને માનવઉપયોગી ચામડું બનાવવાની પ્રક્રિયા દરમિયાન હાઇડ્રોજન સલ્ફાઇડ વાયુ વાતાવરણમાં ભળે છે. વાતાવરણમાં હાઇડ્રોજન સલ્ફાઇડની ઉચ્ચ માત્રા જીવસૃષ્ટિ માટે જોખમી છે માટે જૈવિક સામગ્રી અને બિનઝેરી રસાયણોને પ્રાથમિકતા આપવામાં આવે છે. અમેરિકાના વિજ્ઞાનીઓને રિશી મશરૂમમાંથી (Reishi Mushroom) ‘ચામડું’ બનાવવામાં સફળતા મળી છે. રિશી (કે રેષી) મશરૂમ સૈકાઓથી એશિયન દેશોમાં દવા તરીકે વપરાય છે. તેમાં પ્રચુર માત્રામાં ખનિજ હોય છે. ચેપ અને શ્વસનતંત્રના રોગોની ચિકિત્સામાં તેનો ઉપયોગ થાય છે. તેમાં ‘લિંગઝી-૮’ નામનું પ્રોટીન પ્રચુર માત્રામાં મળે છે તેના કારણે રિશી મશરૂમમાં રોગપ્રતિકારક શક્તિ વધારવાનો ગુણ છે. જાપાન અને ચીનમાં કૅન્સરના ઈલાજ માટે પણ તેને માન્યતા પ્રાપ્ત થઈ છે. આ દેશો ચાર હજાર વર્ષોથી રિશીનો ઉપયોગ કરે છે અને ખાસ્સું હૂંડિયામણ પણ કમાઈ લે છે. તમિળનાડુ અને કેરળમાં તેનો ઔષધીય ઉપયોગ થાય છે. કડવા સ્વાદના આ મશરૂમની ખેતી થાય છે અને ખાદ્ય પદાર્થ તરીકે તેનો વેપાર

થાય છે. બધી દવાની જેમ રિશી મશરૂમની પણ આડ અસર છે... અરે! આપણે તો મશરૂમ દ્વારા ચામડું બનાવવાની વાત કરતા હતા.

સંશોધકોના મત મુજબ, રિશી મશરૂમના માઈસિલિયમને એક પ્રાકૃતિક રેસાના રૂપમાં ઉત્પન્ન કરી શકાય. તેને વિભિન્ન પોત અને રૂપોમાં પરિવર્તિત કરી શકાય. જેમ કે આપણે એક પ્યાલામાં થોડું માઈસિલિયમ નાખી દઈએ તો પ્યાલાના આકારમાં જ તે વિકસવા લાગે છે. આપણને જાણીને નવાઈ લાગે કે આજ સુધીમાં વિજ્ઞાનીઓને બે અઠવાડિયાંના સમયગાળામાં લગભગ અઢી ચોરસમીટર આકારનું વનસ્પતિજન્ય ચામડાનું નિર્માણ કરવામાં સફળતા મળી છે. આટલું ચામડું ગાયના આખા શરીરની ખાલ બરાબર થાય. બજારમાં છૂટથી વનસ્પતિજન્ય ચામડું મળવાથી વાતાવરણીય પ્રદૂષણ ઓછું કરવામાં મદદ મળશે.

આપણા દેશની સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ૧૯૫૩થી ચર્મઉદ્યોગ સંલગ્ન સંશોધનકાર્ય માટે પ્રવૃત્ત છે. ભારતીય ચર્મઉદ્યોગ દ્વારા તૈયાર કરેલી વસ્તુઓનો વિશ્વમાં પ્રસાર કરવા માટે પણ તે કાર્યરત છે. અન્ય કુદરતી સામગ્રીથી 'ચામડું' બનાવવામાં તે અગ્રેસર છે. આ સંસ્થાની બાયૉટૅક્નૉલૉજી પ્રયોગશાળાએ નોંધ્યું કે 'ચામડા' પરની આ નવીન પ્રક્રિયાને લીધે ઝેરી કચરો પણ ખાસ્સી માત્રામાં ઓછો થાય છે. હવે પ્રશ્ન એ છે કે 'રિશી' ફૂગને જરૂરી મોટી માત્રામાં મેળવવી કેવી રીતે ? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે સોલન-હિમાચલ પ્રદેશસ્થિત નૅશનલ રિસર્ચ સેન્ટર ફોર મશરૂમે રિશી ફૂગની ખેતી કરવાની પ્રક્રિયા વિકસાવી અને તેમાં સફળતા મળી.

ભવિષ્યમાં વનસ્પતિજન્ય ચામડાને ચામડું જ કહીશું કે પછી કોઈ નવા નામે ઓળખીશું ?

**– ચિંતન ભટ્ટ**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

મે મહિનામાં પાંચ મેએ 'મૂરખની સાથે મિત્રતા કરાય ?' અને ૧૯ મેએ 'રંગીન શિયાળ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૨ મેએ 'લીલાલહેર' અને ૨૬ મેએ 'વાંદરાભાઈનો વરઘોડો' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.


## પ્રજ્ઞાનઃ બ્રહ્મઃ

આપ સૌની મારા પ્રત્યેની જે પ્રીતિ રહી છે એને હું મારી દુર્લભ મૂડી લેખું છું. હા, શબ્દ સાથે જે પળથી મારો નાતો બંધાયો, ત્યારથી તે આ ઉદ્‌ગારી રહ્યો છું એ ક્ષણ સુધી હું પૂરી નિસબતથી શબ્દને ચાહતો રહ્યો છું ને એ રીતે જ તેને અભિવ્યક્ત કરતો રહ્યો છું. છતાં હું જે સત્ય પામ્યો છું તે શબ્દો છેવટે Pretext છે. એક માણસને બીજા માણસ સાથે જોડે છે તેનો inner bond છે, અંદરનું જોડાણ કે અનુબંધ છે. એવો શબ્દ જ પ્રકાશ-ઊર્જાનો સંવાહક બની રહે. મેં તે સ્વયં અને મારા અનેક ભાવકોના પ્રતિભાવથી તેવો રોચક અનુભવ કર્યો છે. અહીં વિશ્રુત વક્તાઓ બંને બેઠકના અધ્યક્ષશ્રીઓએ મારાં કૃતિત્વ અને વ્યક્તિત્વ વિશે જે સમગ્રદર્શી હૃદ્ય ચિત્ર આપ્યું, એ માણતાં માણતાં મને એડગર એલન પૉની સ્મૃતિ તાજી થઈ આવી. તેણે Dream within dreamની વાત કરી છે. સ્વપ્નનીય ભીતર સ્વપ્ન - હું વક્તાઓની વાક્‌ધારા વેળા એવી સ્વપ્નધારાનો ભીતરથી સમાન્તરે અનુભવ કરી રહ્યો હતો. નિસબતવાળો શબ્દ ભાવકની સાથે તેના લખનારને પણ કોઈ એક સ્તરે એક જુદા જ વિસ્મયલોકમાં લઈ જઈને વળી બીજાં સ્વપ્નોની સન્મુખ ખડો કરી દે છે.

પરિસંવાદની મારે મન ખરી ફલશ્રુતિ તો એ રહી છે કે હું અહીં ઐતરૌપનિષદનો ઋષિ કહે છે તેમ - પ્રજ્ઞાનઃ બ્રહ્મઃ - અનેક પ્રજ્ઞાપુરુષો વચ્ચે પ્રજ્ઞાવાન વ્યક્તિઓ વચ્ચે હું મુકાયો છું એ છે. હું કે મારો શબ્દ સરાણે તો  ચઢ્યાં જ સાથે તે સૌના હૃદયાગ્રે પણ એ બધું મુકાયું. પ્રજ્ઞા જ એક કક્ષાએ બ્રહ્મરૂપ થઈ રહે છે. સૉક્રેટિસ અને તૈત્તિરીય ઉપનિષદના ઋષિની જેમ હું પણ મારી આસપાસ આવા જ્ઞાનાત્માઓ વચ્ચે જાતને મુકાયેલી જોઈ ધન્યતા અનુભવું છું. આવા જ્ઞાનાત્માઓ શબ્દ વડે જ, શબ્દમાં અને શબ્દની પાર નિહાળી શકે છે, તેને વિસ્તારે છે, કહો કે કૉસ્મોસ સુધી એની ઝંકૃતિ ક્યારેક ક્યારેક તો સંવેદી શકાય. આપણા પરમ સંત મોરારસાહેબની આવી પળે મને સ્મૃતિ તાજી થઈ આવે છે. માત્ર લખનાર જ નહીં, જ્ઞાનવાન કોઈ પણ જળમાં જ્યોતિ જગાવી રહે છે. અને એવી અલૌકિક પળે જ નજરે પેલા ‘અચરજ’નો સાક્ષાત્કાર થાય છે. આવો સાક્ષાત્કાર મને આજની બંને બેઠકોનાં વિદ્વાનોનાં વક્તવ્યોમાં થયો છે, શ્રોતાઓની આંખોની ચમકમાં પણ.

ગામ-ઘર છોડીને હું તો નીકળી પડ્યો, માતાપિતા પણ આજે હયાત નથી - એવી મારી અવસ્થિતિમાં શબ્દ મને સજતો રહ્યો, સંવારતો રહ્યો અને હું બેવડા પ્રેમથી શબ્દને પણ. મારી આવી યાત્રામાં હું અને શબ્દ - એકલાં હોત તો એ યાત્રા યાત્રા ન લેખાત. કોઈ લેખે તો તે અધૂરી યાત્રા લેખાય. સાચું તો એ છે કે આ યાત્રામાં હું છું, શબ્દ

છે અને વિશેષ રૂપે કહું તો તમે છો, હા, તમે છો. મારે મન મારા શબ્દનું સાચું ઐશ્વર્ય જ તમે છો. હું સાહિત્યની કોઈ પણ વિદ્યામાં આપ સૌને આગળ કરીને ચાલ્યો છું. ખરું સત્ય તો એ છે કે પછી તમે ત્યાં રહો છો, હું શબ્દમાં એકરૂપ થઈ જાઉં છું. સ્પૅનિશ ચિત્રકાર પિકાસોએ ૧૯૩૭માં 'ગુએર્નિકા' નામનું યુદ્ધ વિરોધી વિશાળ કદનું તૈલચિત્ર તૈયાર કર્યું. પછી કેટલાક નાઝી સૈનિકોએ પ્રશ્ન



કરેલો કે 'પિકાસો, આ ચિત્ર તમે દોર્યું છે ?' પિકાસોએ તરત ઉત્તર આપતાં કહેલું, 'ના, તમે દોર્યું છે.' મારા સર્જન વિશે પણ મેં એકાધિક સમયે કહ્યું છે કે ના, આ બધું તમે લખાવ્યું છે. તમે મારી ઊર્જા છો, પ્રકાશ છો, પ્રેમ છો, સૂર-સંગીત છો. હું તમારે ઈશારે ઈશારે ડગ ભરી રહ્યો છું. જ્યાં સર્જક-શબ્દ-લોકનો ત્રિયોગ હોય ત્યાં શબ્દ નવું-નૂતન રૂપ આપોઆપ ધારણ કરે છે. એવો શબ્દ શબ્દબ્રહ્મ અને બ્રહ્મશબ્દની પણ ક્યારેક અવળસવળ કરીને ધારણાઓથી પણ વધુ આશ્ચર્યો જન્માવી જતો હોય છે. હું આશાવાદી સર્જક છું એમ કહેવા કરતાં સર્જક આશાવાદી જ હોય એમ વધુ માનું છું. કારણ કે વ્યાપક પરિપ્રેક્ષ્યો વચ્ચે મનુષ્ય-સૃષ્ટિને નિહાળે છે. અનેકાન્તવૃત્તિથી તેનો વિચાર કરે છે. તેથી જ પોતાની પાછળ રહેલાં ખંડિયેરથી તે જ્ઞાત હોવા છતાં પોતાની રીતનો લીલોછમ્મ ઉદ્યાન સર્જવામાં તે દિનરાત રચ્યોપચ્યો રહે છે. સર્જન અને તેનો શબ્દ એમ હૃદયને ગરમાટો આપી જવામાં જ તેની ઈતિશ્રી લેખે છે.

જીવનના આઠમા દાયકાનું ચરણ પૂરું થવામાં છે ત્યારે અને દોઢસોથી પણ વધુ પુસ્તકો લખવામાં 'નિમિત્ત' બનાયું છે ત્યારે મને પેલા પ્રસિદ્ધ ચિત્રકાર વાનગોઘનું સ્મરણ થાય છે. તે તો ઘણી વિપરીત સંસ્થિતિઓ વચ્ચેથી પસાર થયો અને મૃત્યુ પામ્યો. તેનાં ચિત્રોએ તે પછી તો ચિત્રજગતમાં મોટો કંપ જગાવ્યો છે. પણ વિપરીત અવસ્થા વચ્ચે, કળાને સમર્પિત હતો ત્યારેય - તેનું તારણ તો આવું હતું, 'લોકોને પ્રેમ કરતા રહેવું તેના જેવી બીજી કોઈ ઉત્તમ કળા નથી.' મારું જીવનશિલ્પ અનેક અભાવો વચ્ચે જ કંડારાતું આવ્યું છે. છતાં હું વળી વળીને અટક્યો છું તો મનુષ્યપ્રેમ પર જ. એ એક શબ્દથી તો જગત ભર્યું ભર્યું છે. માતાપિતા અને ગુરુઓએ પણ એ દિશા ભણી જ તર્જની સંકેત કર્યો છે. સભર થતા જાવ અને વિખેરાતા જાવ, પુનઃ પુનઃ અવશેષમાં માત્ર પ્રેમ રહે. પોતાનામાં જ વિલસવાનું, વિસ્તરવાનું, વિરામવાનું અને લય પામતા જવાનું આ પ્રેમ જ શીખવે છે. પછી 'હું' હોય છે પણ પ્રેમમાં ઓગળી ગયેલો હું, લોક-દૃષ્ટાંતોથી - અનુભવોથી પરિપુષ્ટ થયેલો સૌમાં વિન્યસ્ત થઈ ગયેલો હું...

આજે આપ સૌએ મને અગ્રે કર્યો પણ અગ્રે તો આપ છો. વિશ્વકોશ ટ્રસ્ટ, મુંબઈ યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ, પ્રેમાનંદ સાહિત્ય સભા, અનંતરાય રાવળ સમિતિ અને મહીસાગર સાહિત્ય સભાનો આજનો આ પ્રાણવાન પરિસંવાદ સોલ્ઝેનિત્સિના શબ્દોને જરા જુદી રીતે યોજીને કહું તો મારા જીવનની ટ્રાવેલ બૅગમાં સદા માટેની એક સંનદ્ધ સ્મૃતિ બની રહેશે. શ્રી કુમારપાળભાઈ કરમી અને મરમી છે. શ્રી રતિલાલ અને સુશ્રી નીતાબહેન તેમજ આણદાણી વગેરે મિત્રો, વિદ્વાન વક્તાઓ, પ્રબુદ્ધ શ્રોતાગણ સૌ મારી એવી સ્મૃતિને એક વધુ બીજા સ્મૃતિવિશ્વ માટે સંકોરતાં રહે તેવી તેમની સૌની વૃત્તિ-પ્રવૃત્તિને પ્રણામ. સાથે... સાહિત્ય-કલા-સંસ્કારના તીર્થસમા વિશ્વકોશ ટ્રસ્ટ અને તેના ઊર્જામય પરિસરને વંદન.

(૬-૪-૨૪ના રાષ્ટ્રીય પરિસંવાદમાં પરિસંવાદને અંતે
ડૉ. પ્રવીણ દરજીએ આપેલો પ્રતિભાવ)

---

**(૮મા પાનાનું ચાલુ)**

છે, એ એમનાં સર્જનોમાંથી પસાર થનાર સૌ અનુભવે છે ને જાણે છે ! આપણા હિન્દીના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર શ્રી નિર્મલ વર્મા નવેક વર્ષ પ્રાહામાં રહેલા. તેમણે અહીંની ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં ચેક ભાષાનું અધ્યયન, એશિયન સંસ્કૃતિ વિશે અધ્યાપન, સાહિત્યસર્જન અને અનુવાદનું વિપુલ કામ કરેલું. એમનાં સર્જનમાં, ખાસ કરીને 'વે દિન' અને 'ચીડોં પર ચાંદની'માં પ્રાહાને આમ જ શ્વાસ લેતું અનુભવ્યું, ત્યારે થયું કે એમાં વસનારની રક્તવાહિનીઓમાં સદાય વહેતાં રહેવું - પ્રાહા શહેરની શું આજ પ્રબળ તાસીર હશે ?

ચાલતાં ચાલતાં અમે વેનસેલાસ સ્ક્વેર પહોંચ્યાં. અહીં હજુ હમણાં જ, ૧૯૮૯માં હજારો માણસોએ સામ્યવાદ સામે બળવો પોકારેલો. આ ચોકને પ્રાહાનો 'ટાઇમ સ્ક્વેર' પણ કહે છે. સામ્યવાદ ફગાવી દઈને મુક્તિનો શ્વાસ લેતું પ્રાહા નવા વાતાવરણથી ખુશખુશાલ લાગ્યું. આલ્બેતોવાએ કહ્યું હતું કે, સામ્યવાદ ફગાવી દીધા પછી, ખાસ કરીને દેશના ભાગલા પડ્યા પછી, ચેક રિપબ્લિક ઘેરા આર્થિક સંકટમાં ફસાઈ ગયું. કરકસરનાં પગલાં રૂપે હજારો લોકોને સરકારી નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. અમારાં આ વહાલાં ગાઇડ પણ એમાં સપડાયાં. કેમિકલ એન્જિનિયર હોવા છતાં, એમણે પ્રોફેસરમાંથી ગાઇડ બનવું પડ્યું ! પણ એમને એનો કોઈ રંજ નહોતો. એ તો કહેતાં હતાં, 'સ્વતંત્રતા અમને વહાલી છે. અમારી માથાદીઠ આવક ભલે ઘણી ઓછી હોય, અમે સૌ અમારી નવી દુનિયામાં ખુશ છીએ.' એમની સ્ફૂર્તિ, ફરજપરસ્તી અને દેશપ્રેમ નોંધપાત્ર હતાં. આધુનિક પ્રાહાની ઉપલબ્ધિઓ એમણે સગર્વ વર્ણવી. 'આ અમારું સ્ટેડિયમ, ને આ અમારું મ્યુઝિયમ; આ અમારી માર્કેટ ને પેલી રહી લાઇબ્રેરી! હાર્દિક ગૌરવથી એમણે અમને પોતાનું પ્રાહા બતાવ્યું. ગલીઓમાં ફરતાં ફરતાં જેમ જેમ પરિચય થતો ગયો, તેમ તેમ પ્રાહા વહાલું લાગવા લાગ્યું. શહેરની નિષ્કલંક સુંદરતા સાથે આલ્બેતોવાનો ચહેરો પણ સ્મરણમાં કોતરાઈ ગયો.

**– ભારતી રાણે**

# 'વિશ્વ પુસ્તક દિવસ' નિમિત્તે યોજાયેલ પુસ્તક પ્રદર્શન

'વિશ્વ પુસ્તક દિવસ' નિમિત્તે ૨૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. યુનેસ્કોએ ૨૩ એપ્રિલ, ૧૯૯૫ના રોજ પ્રથમ વખત વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરી હતી. યુનેસ્કોએ વિલિયમ શેક્સપિયર (જ. ૨૩ એપ્રિલ, ૧૫૬૪; અ. ૨૩ એપ્રિલ, ૧૬૧૬) અને મિગુએલ સર્વેન્ટેસ (પુણ્યતિથિ) જેવા લેખકોને આદર આપવા માટે આ દિવસની પસંદગી કરી છે. આ દિવસનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે વાચન અને લેખનના મહત્ત્વને પ્રોત્સાહિત કરવાનો છે. લેખકો, પ્રકાશકો, શિક્ષકો, ગ્રંથાલયો અને મીડિયાના સમર્થનથી આ દિવસ ઊજવાય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે પુસ્તક પ્રદર્શનમાં વિલિયમ શેક્સપિયરનાં એકસોથી વધુ મહત્ત્વનાં પુસ્તકો, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો તેમજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગ્રંથાલયના સંદર્ભગ્રંથો - જુદા જુદા  વિષયના મહત્ત્વના વિશ્વકોશ મૂક્યા હતા. જેનો લાભ પ્રદર્શન દરમિયાન ઘણા બધા મુલાકાતીઓએ રસપૂર્વક લીધો હતો. પ્રદર્શનમાં મુકાયેલ મહત્ત્વનાં પુસ્તકો જેવાં કે -

વિલિયમ શેક્સપિયરનાં પુસ્તકો :

નરભેશંકર પ્રાણજીવન દવેકૃત 'ડેન્માર્કનો રાજકુમાર હૅમ્લેટ' (પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૧૭, મૂલ્ય રૂ. ૨.૦૦) પુસ્તક વાચકોએ રસપૂર્વક નિહાળ્યું હતું. તેમજ આ અલભ્ય પુસ્તક પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું. શેક્સપિયરનાં અંગ્રેજી પુસ્તકોમાં -

1. 'Shakespeare at the Globe' (1599-1609) by Bernard Bexkerman
2. 'Shakespeare Lexicon and Quotation Dictionary' Vol. I & II by Ronald Mushat Frye
3. 'William Shakespeare : Complete Works' by Stanley Wells & others.
4. 'Shakespeare A to Z' by Charles Boyce.
5. 'Who's Who in Shakespeare' by Peter Quennell Hamish Johnson

તેમજ 'Shakespeare came to India' by C. D. Narsimhaiah જેવાં પુસ્તકો વાચકોએ રસપૂર્વક નિહાળ્યાં હતાં. સાથે સાથે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોમાં ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો (ભાગ ૧થી ૧૦), પરિભાષાકોશ, ભારતીય રંગભૂમિ ભાગ ૧ અને ૨ (બૃહદ નાટ્યકોશ) તેમજ અન્ય પ્રકાશનોમાં માતૃભાષાનો મહિમા, વિશ્વકોશની  ગ્રંથયાત્રા જેવાં પુસ્તકો ખૂબ જ રસપૂર્વક જોયાં હતાં. એ સાથે પચાસ જેટલા વિવિધ વિષયોના વિશ્વકોશ મૂકવામાં આવ્યા હતા. ત્રણે દિવસમાં સારી એવી સંખ્યામાં મુલાકાતીઓ આવ્યા અને પરિણામે વાચકોની વધતી વાચનરુચિનો હૃદયંગમ અનુભવ થયો.

– રાજલ મહેતા

# એકાંકી નાટક લેખનસ્પર્ધાની ફળશ્રુતિ

'વિશ્વકોશ'ની નિશ્રામાં ચાલતા 'વિશ્વા' સામયિક દ્વારા આયોજિત એકાંકી લેખન-સ્પર્ધાની વાત કરીએ ત્યારે પૂ. ધીરુબહેન પહેલાં યાદ આવે. એમની જ પ્રેરણાથી 'વિશ્વા' સામયિક ચાલુ થયું અને એમને જ યાદ કરીને એકાંકી લેખનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ટૂંકી વાર્તા, નવલકથા, કિશોરકથા, વગેરે સાહિત્ય સ્વરૂપોમાં ધીરુબહેને સ્પર્ધાઓ યોજી લીધી હતી, એટલે આ વખતે એક નવું સ્વરૂપ, એકાંકી લેખનની સ્પર્ધાનો વિચાર આવ્યો.

નાટકો આમ પણ આપણે ત્યાં પ્રમાણમાં ઓછાં લખાય છે. એમાં પણ એ લખવાવાળાં નોંધપાત્ર સ્ત્રીસર્જકો તો આંગળીના વેઢે ગણાય એટલાં. એટલે આ સ્પર્ધાને કેવો પ્રતિસાદ મળશે એ વિશે મનમાં અવઢવ ઘણી હતી. શરૂઆતમાં થયું પણ એવું. નાટકો વિશે પૂછપરછ ઘણી થતી હતી, પણ બહુ આવતાં ન હતાં, એટલે નાટકો મોકલવાનો સમય થોડો વધારી આપ્યો. વિચાર્યું કે બહેનો એકસાથે દસ મોરચે લડતી લડતી આ બધું કામ કરતી હોય એટલે કંઈક નવું લખતાં સમય તો જાય જ ને?

પછી પ્રશ્નો આવવાના ચાલુ થયા - એકાંકી કેટલા શબ્દોનું હોય ? કેટલાં પાનાં લખવાનાં ? પાત્રો કેટલાં હોવાં જોઈએ ? વચ્ચે વચ્ચે સીન બદલાય કે એકાંકી એટલે એક જ સીનમાં આખું નાટક પૂરું થઈ જવું જોઈએ - વગેરે વગેરે. અમુક બહેનો એકાંકી અને એકોક્તિ વચ્ચેનો તફાવત જાણવા માંગતી હતી. લખવામાં રસ ઘણાને હતો પણ બધાને અલગ અલગ પ્રકારની મૂંઝવણ હતી. અમે એ બધા પ્રશ્નોના જવાબ આપતાં રહ્યાં. જેમને નાટકો વિશે બિલકુલ ખબર ન હતી એમને થોડાં સારાં નાટકો વાંચવા માટે જણાવ્યું.

અંતે ૧૦૭ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો એ કેટલા બધા આનંદની વાત!

૧૦૭ નાટકો હોય એટલે વિષયોમાં પણ વિવિધતા મળે જ. અલગ અલગ કૌટુંબિક સમસ્યાઓને ઉજાગર કરતાં નાટકો તો ખરાં જ, સામાજિક સમસ્યાઓ, નારીશક્તિ, આઝાદીની લડત, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી, માનસશાસ્ત્ર, સ્વાસ્થ્ય, કોર્ટરૂમ ડ્રામા, ઐતિહાસિક પાત્રો, રહસ્ય અને જાસૂસી, હાસ્યરસ જેવા અનેક વિષયો આ નાટકોમાં આવરી લેવાયા હતા. પરિવેશમાં પણ વિવિધતા. એક રૂમમાં પણ નાટક પૂરું થતું હોય કે પછી અલગ અલગ શહેરોમાં વિસ્તર્યું હોય, બનારસની ગલીઓ અને ગંગાતટ, હૃષીકેશનો આશ્રમ કે પરદેશનું શહેર - આખું વિશ્વ અહીં સમાવાઈ ગયું હતું. પાત્રોની વાત કરીએ તો કરોડપતિઓથી માંડીને ઝૂંપડામાં રહેતા માણસો, ભણેલા અને અભણ, દરેક ધર્મના, બધા જ અહીં હાજર હતા. સ્વરૂપ કે મંચનક્ષમતાની દૃષ્ટિએ બધાં નાટકો એની વ્યાખ્યામાં બંધ બેસતાં થાય એવાં ન લાગે, પણ આટલી બધી બહેનોએ પ્રયત્ન કર્યો એ જ કેટલી મોટી વાત છે!

પ્રથમ નંબર ઉપર વિજેતા બનેલાં સ્વાતિ નાયકલિખિત 'ધ રેટ રેસ' નાટકનાં પાત્રો તો અમેરિકાની એક ગગનચુંબી ઈમારતમાં રહે છે. પૈસા પાછળ દોટ મૂકતી અને પછી એ ઘરેડમાં ફસાઈ જઈને જિંદગી જીવવાનું ભૂલી જતી યુવાન પેઢીની અહીં વાત છે. બીજા નંબરે આવેલાં દેવાંગી ભટ્ટના નાટકમાં નારીવાદની વાત છે. જિંદગી સામે લડતી ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ અને 'બીજી જાત'ની સ્ત્રીઓનો નારીમુક્તિનો પોતપોતાનો અભિગમ છે. 'બીજી જાત'ની સ્ત્રીઓ ભલે ગરીબ છે, પણ પુરુષોના આધિપત્ય સામે લડવાનો રસ્તો પોતાની મેળે જ શોધી લે છે અને એ રીતે વધારે 'સ્વતંત્ર' અને સુખી પણ છે. ત્રીજા નંબરે આવેલાં નીતા જોશીના નાટક 'સ્માર્ટ વિલેજમાં ગાંધી બાપુ'નું ભાષાકર્મ ખાસ ધ્યાન ખેંચે છે. એમણે રસપ્રદ રીતે આત્મનિર્ભરતા, સ્વાવલંબન, પ્રદૂષણ, પ્લાસ્ટિકનો વધતો જતો ઉપયોગ, વધતા જતા રોગ અને સ્માર્ટ બનતાં જતાં ગામડાંની વાત કરી છે. આ ઉપરાંત માતૃત્વ, બળાત્કારનો ભોગ બનેલી છોકરી તરફ સમાજનો અભિગમ, મોટી ઉંમર સુધી કુંવારી રહેતી સ્ત્રીઓ, સોશિયલ મીડિયાનો વધારે પડતો ઉપયોગ વગેરે વિષયો નોંધપાત્ર રીતે નાટકોમાં ગૂંથી લેવાયા છે.

આ સ્પર્ધામાં ભાગ લેનારી બહેનોની ઉંમર(અમુક તો વિદ્યાર્થિનીઓ પણ હતી), વ્યવસાયની વિવિધતા (ઘણી ગૃહિણીઓએ પણ ભાગ લીધો હતો.) અને દરેકનો કંઈક નવું કરવાનો, શીખવાનો ઉત્સાહ જોઈને લાગે કે વધુ ને વધુ બહેનોએ નાટકો લખવાં જોઈએ. વિષયો તો જ્યાં નજર દોડાવીએ ત્યાંથી મળી શકે. સામાજિક વિષયો તો દરેકના અનુભવના આંગણામાં હોય જ. એ ઉપરાંત જ્યારે સ્ત્રીઓ ચંદ્રયાન અને મંગળયાનના મિશનમાં કામ કરતી થઈ ગઈ છે ત્યારે એમના અનુભવો, સંઘર્ષને પણ નાટકમાં વણી શકાય. રાજકારણમાં રોજ રોજ કેટલું બધું થતું હોય છે ? તો પછી એ વિષય ઉપર નાટક કેમ નહીં ? યુદ્ધ સમયે કૅમ્પમાં રહેતા શરણાર્થીઓની વ્યથા તાદશ થાય એવા વિષય ઉપર નાટક લખી શકાય. જૂની ઘરેડના વિષયો કરતાં સાંપ્રત વિષયો લોકોને વધુ સ્પર્શી જાય. જો દરેક વિષય ઉપર ફિલ્મ બની શકતી હોય તો રંગમંચની મર્યાદામાં રહીને નાટક પણ લખી જ શકાય. હવે તો આધુનિક ટૅક્નૉલૉજીની મદદથી રંગમંચ ઉપર પણ ઘણું બધું બતાવી શકાય છે.

આ પ્રકારનું જ્ઞાન આપવા માટે જેમ વાર્તાલેખન કે કાવ્યલેખન માટે શિબિરો થાય છે એવી રીતે નાટ્યલેખન માટે પણ શિબિરોનું આયોજન થવું જોઈએ. એમાં લેખન ઉપરાંત નાટકમાં જરૂરી ધ્વનિ, પ્રકાશ, મંચ ઉપરની કલાકારોની મૂવમેન્ટ, પરિવેશનું મહત્ત્વ, દૃશ્ય કે અંક બદલાય ત્યારે શું ધ્યાનમાં રાખવું, નાટકના ઘટકો વગેરેની પણ માહિતી અપાય તો એ પણ વધારે સારા નાટ્યલેખન માટે મદદરૂપ થઈ શકે.

'ભરત નાટ્યશાસ્ત્ર'માં જણાવ્યા પ્રમાણે તો નાટકમાં બધી જ કલાનો સમાવેશ થઈ ગયો છે. જો નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન મળે તો નાટક લખવા ઈચ્છુક વ્યક્તિઓને ખબર પડે કે નાટક એ માત્ર સંવાદો નથી, એની સાથે બીજું ઘણું બધું સંકળાયેલું છે. 'વિશ્વા'ની સ્પર્ધામાં ભાગ લેનારી બહેનોનો ઉત્સાહ અને પરિણામ જોઈને લાગે કે કલાકારો, નાટ્યદિગ્દર્શકો અને સંસ્થાઓના સહયોગથી આ ક્ષેત્રમાં વિશેષ કામ થઈ શકે તેમ છે.

**— લતા હિરાણી, ગિરિમા ઘારેખાન**

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

**◈ ૮ મે, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સર્જક શ્રી મધુ રાયની મીનળ દવેએ લીધેલી મુલાકાત. (સમયમર્યાદા : ૧ કલાક, ૧૨ મિનિટ)

**◈ ૨૨ મે, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ચાલતા ગુજરાતી ડાયસ્પોરા સંશોધન કેન્દ્ર અંતર્ગત ‘ગુર્જરી ડાયજેસ્ટ’ના સંપાદક શ્રી કિશોર દેસાઈની શ્રી રમેશ તન્નાએ લીધેલી મુલાકાત. (સમયમર્યાદા : ૫૫ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

વૅકેશનને કારણે મે મહિનામાં માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા ચાલતા ભાષાશુદ્ધિના વર્ગો બંધ રહેશે. એ પછી ૧૩મી જૂન ગુરુવારે સાંજે ૫-૦૦ વાગ્યે એનો પ્રારંભ થશે અને દર મહિનાના બીજા અને ચોથા ગુરુવારે આ વર્ગો લેવાશે.

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૪ મે ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : કવિ અને કવિતા        વક્તા : શ્રી વિનોદ જોશી

શ્રી રામ મોરી કવિ વિનોદ જોશી સાથે સંવાદ કરશે.

## શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા

**◈ ૫ મે ૨૦૨૪, રવિવાર : સવારે ૯-૩૦થી ૫-૦૦**

ક્રાંતદ્રષ્ટા અને યુગપ્રવર્તક પૂજ્ય આચાર્યશ્રીઓ વિશે એકદિવસીય પરિસંવાદ.

પ્રમુખ : કુમારપાળ દેસાઈ, આયોજક : ગુણવંત બરવાળિયા

## ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી

**◈ ૨૫ મે ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : કચ્છના સંત મેકણનું જીવન, દર્શન અને કવન : આજના સંદર્ભમાં

વક્તા : શ્રી હરેશ ધોળકિયા

## શ્રી ધીરુબહેન પટેલની જન્મતિથિએ

**◈ ૨૯ મે ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

શ્રી ધીરુબહેન પટેલની જન્મતિથિએ સ્મરણાંજલિ અને નાટ્યપ્રસ્તુતિ.




અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અંતર્ગત ‘રુદિયાના રાજા ક્ષેમુ દિવેટિયા’ કાર્યક્રમમાં અમર ભટ્ટ, ગાર્ગી વોરા, સાવની દિવેટિયા શાહ, પ્રહર વોરા, દેવર્ષિ સોનેજી દ્વારા મૂર્ધન્ય સ્વરકાર ક્ષેમુ દિવેટિયાનાં સ્વરાંકનોની પ્રસ્તુતિ





શ્રી પ્રવીણ દરજીનાં જીવન-કવન વિશેના એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં ઉપસ્થિત મહાનુભાવો



‘સમકાલીન કલા કા દો પહલુ’ વિશે ડૉ. એમ. બાલામણિ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

### ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા ૨૮ દિવસમાં ૧ લાખ ૮૪ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, સિંગાપોર, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઈન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

### ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઈટની મુલાકાત લે છે. ◈ અત્યાર સુધીમાં પાંચ કરોડ તેર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઈટની મુલાકાત લીધી છે. ◈ 'ગુજરાતી લૅક્સિકન' જોવા માટે www.gujaratilexicon.com

### વિશ્વકોશ : ઈ-બુક્સ

◈ વિશ્વકોશના મહત્ત્વના ગ્રંથો ઈ-બુક્સ તરીકે ઉપલબ્ધ થશે. ◈ ગૂગલમાં અંગ્રેજીમાં gujarativishwakosh.org/ebooks ટાઈપ કરીને ઈ-બુક્સ ઉપર ક્લિક કરશો. ◈ આ ઈ-બુક્સ વાંચવા માટે આપના કમ્પ્યૂટર કે મોબાઈલમાં e-pub reader / ebook reader આવશ્યક છે.

### 'વિશ્વવિહાર' સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

### જ્ઞાન-વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

### બાળવાર્તાની પ્રસ્તુતિ

◈ દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તા અને બાળગીતની પ્રસ્તુતિ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust) ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ) વૉટ્સએપમાં જોડાવા માટે (મો. ૯૮૯૮૦૪૨૬૯૯)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪